પાઝંદ [illegible]ુતર્ર સીરીઝ, નં. ૧.

પાઝંદ આફરીન બા માએની

તથા

એકસો એક નામો.

લખનાર તથા તરજુમો કરનાર:

[illegible] ફીરોઝ શાપુરજી મસાની, એમ.એ., એલ.એલ.બી.,

વકીલ, હાઇ કોર્ટ.

સ. ૧૯૧૬. ય. જ. ૧૨૮૬.

PAZEND PRAYERS SERIES

No. 1.

Comprising all the Seven Pazend Afrins or Benediction-Prayers and 101 Names,

with correct orthography and Gujarati translation and studied notes.

WRITTEN AND TRANSLATED BY

ERVAD PHIROZE SHAPURJI MASANI,

M. A., LL. B., VAKIL, HIGH COURT, BOMBAY.

108, Chandanwadi Post No. 2.,

BOMBAY.

1916.

Printed by Ramchadra Yesu Shedge, at the Nirnaya Sagar Press, 23, Kolbhat Lane Bombay.

Published by Phiroze S. Masani, 108, Chandanwadi, Bombay.

પાજંદ ભણતર સીરીઝ, નં૦ ૧.

પાજ઼ંદ આફ્રીન બા માએની.

અરદાફ્રવષની આફ્રીન, બુજ઼ોર્ગૉના નામ સાથની આફ્રીન, હફ્ત અમશાસ્પંદની આફ્રીન, ગાહામ્બારની આફ્રીન, રપીથ્વનની આફ્રીન, મ્યજદની આફ્રીન, ગાહામ્બારની પાવીની આફ્રીન તથા ૧૦૧ નામો,

તેના અસલ શુદ્ધ ઉચ્ચાર તથા તરજુમા અને નોત્સ સાથે,

લખનાર તથા તરજુમો કરનાર,

એરવદ ફીરોજ શાપુરજી મસાની, એમ. એ., એલ એલ બી.

વકીલ, હાઇ કોર્ટ, મુંબઈ,

૧૦૮, ચંદનવાડી, પોસ્ટ નં. ૨.

મુંબઈ

"નિર્ણયસાગર" છાપાખાનામાં છાપી છે.

સને ૧૨૮૬ યજદેજરદી—સને ૧૯૧૬ ઇસ્વી.

પાક દાદાર હોરમજદ ખુદાના નામથી !

દીબાચો.

"અવસ્તા", "પહેલવી", "જંદ", તથા "પાજંદ" શબ્દોની સમજણ.

તે બુજોર્ગોના બુજોર્ગ સાહેબ પેદા કરનાર નુરમંદ અને ખોરેહમંદ દાદાર હોરમજદ સાહેબની મદદ ચાહી આ કેતાબ બાબે બે બોલ ખુલાસો કરવાની રજા લઊંછું. જરથોશ્તી ધર્મના ભણતરો હાલમાં "અવસ્તા" તથા "પાજંદ" એ બે ભાષાઓમાં ચાલુ ભણવામાં આવે છે, અને તેટલા માટે એ બે ભાષાઓ માટે સહેજ સમજણ લેવાની જરૂર છે. બુલંદમાં બુલંદ જરથોશ્તી દએન વખ્શુરે વખ્શુરાંન રમ્જગો અશો સ્પિતમાન જરથુશ્ત સાહેબે જે સમજાવેલી છે, તેને લગતો તમામ "ઈલ્મ" યાને જ્ઞાન એકવીસ "નસ્ક" યાને દફતરમાં સમાવવામાં આવેલું છે, અને આ એકવીસ "નસ્ક" અસલ "અવસ્તા" ભાષામાં આપવામાં આવેલાં છે, જેમાં ગાથાની અવસ્તા, યજશ્નેની અવસ્તા, વંદીદાદની

અવસ્તા, વીસ્પરદની અવસ્તા, યશ્તની અવસ્તા, એમ તમામ પ્રકારની અવસ્તા આવી જાય છે. "અવસ્તા" ભાષાના કલામો જે "માંથ્ર" યાને ભેદી ચમત્કારીક અસર ધરાવનાર શબ્દઉચ્ચાર તરીકે ઓળખાય છે, તેના બે જુદા જુદા મરતબા જણાવવામાં આવેલા છે, જે "પ્રષુષો-માંથ્ર" તથા "માંથ્ર-સ્પેન્ત" તરીકે ઓળખાય છે. હાલમાં જમાનાની ગરદેશને લીધે આપણી પાસે તમામ એકવીસ "નસ્ક" મોજુદ નથી, અને હાલમાં જે કંઈ "અવસ્તા"ના ભણતરો આપણી પાસે બચી રહેલાં છે, તે બધું મળીને ફક્ત આખાંના એકવીસમા ભાગ જેટલું થવા જાય છે.

હવે આ અસલ "અવસ્તા માંથ્ર" યાને અવસ્તાના ભેદી કલામોની સમજણ છેક અસલથી વખ્શુરે વખ્શુરાંન સાહેબના શાગેર્દોને બી આપવામાં આવેલી છે તે "પહેલવી" ભાષામાં ચાલુ આપવામાં આવી છે, અને "પહેલવી" ભાષામાં આપેલી "અવસ્તા માંથ્ર"ની સમજણ અને શરેહને "જંદ" તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરથી "જંદ-ઈ-અવસ્તા" યાને અવસ્તાની શરેહ તથા સમજણ (Commentary and Exposition of the Avesta) એ પ્રમાણે પહેલવી ભાષામાં અપાયલી અવસ્તાની શરેહ સાથની સમજણને ઓળખવામાં આવે છે. "પહેલવી" ભાષા છેક અસલના વખતથી ઈરાની પાદશાહ પહેલવાનોની

ચાલુ વપરાસની ભાષા હતી, અને "પહેલવી" ભાષા એકથી વધુ અનેક પ્રકારની છે. "અવસ્તા" ભાષા તો ખાસ બંદગી અને ક્રિયાકામને વાસ્તે ભણતર તરીકેજ—"માંથ્ર" યાને ભેદી અસર સાથના કલામો તરીકેજ—આપવામાં આવી છે, અને તેમજ વાપરવાનો પેગામ્બર સાહેબનો હોકમ છે, અને "અવસ્તા" ભાષા કોઈબી વખતે સાધારણ ચાલુ વપરાસની ભાષા તરીકે આપવામાં આવી નથી. અસલ અવસ્તા નસ્કનો મોટો ભાગ પરાગંદે થયા પછી અસલ અવસ્તાની પહેલવી "જંદ" યાને શરેહને આધારે જરથોશ્તી દએનની ઘણી એક બાબદો પાછળથી પહેલવી ભાષામાં ખાસ જુદી કેતાબો રૂપે જાળવી રાખવામાં આવેલી છે. દાખલા તરીકે, "પહેલવી બુન-દેહશને" નામની જે કેતાબ હાલ આપણી પાસે છે, અને જેમાં તમામ પેદાયશની ઉત્પત્તિનું બયાન આપવામાં આવેલું છે, તે કેતાબ અસલ "દામદાદ નસ્ક" ઉપરથી લેવામાં આવેલી છે, જો કે તે અસલ નસ્કનો ઘણો થોડોજ ભાગ પોતાની અંદર સમાવે છે. એજ પ્રમાણે "પહેલવી જંદ-ઇ-વોહુમન-યશ્ત" નામની પહેલવી કેતાબ અસલ અવસ્તા બહમન યશ્તની શરેહ ઉપરથી લખવામાં આવી છે, જોકે પહેલવી આકારમાં ઘણોજ નજીવો ભાગ આપણી પાસે જળવાઇ રહ્યો છે.

આ પ્રમાણે "અવસ્તા," "માંથ્ર", "પહેલવી," "જંદ"

એ ચાર શબ્દોની સમજણ સહેજ ધ્યાનમાં લીધા પછી હવે "પાજંદ" શબ્દ સમજવાની કોશેશ કરીશું. "પાજંદ" શબ્દનો અર્થ "જંદ ઉપરથી" એમ થાય છે, અને "અવસ્તા માંથ્ર" ની જે "જંદ" યાને સમજણ સાથની શરેહ પહેલવી ભાષામાં લખવામાં આવી છે તે "જંદ" ઉપરથી લીધેલું લખાણ "પાજંદ" તરીકે ઓળખવામાં આવે છે, અને તેટલા માટે "પાજંદ" ભાષા જે છે તે જે પહેલવી ભાષામાં અવસ્તાની જંદ યાને શરેહ લખાયલી છે તે પહેલવી ભાષાનો એક ઘણોજ મળતો આવતો આકાર છે, અને તે એટલા સુધી કે કોઈ કોઇ વાર તો "પહેલવી" અને "પાજંદ" શબ્દો વચ્ચે સહેજબી ફરક માલમ પડતો નથી. આ "પાજંદ" ભાષા સાસાની જમાનામાં જે વખતે દીનને પાછી આરાસ્તેહ કરવામાં આવી હતી તે વખતે દસ્તુરાંન દસ્તુર "આદરબાદ મારેસ્પંદ" જેવા દીનના "રાઈનીદાર" યાને દીનને આગળ ચલાવનાર તથા સજીવન કરનાર સાહેબે જે ચોકસ અસલ "અવસ્તા" ભણતરો ભુલાઇ જવા લાગ્યાં હતાં, તે ભણતરોનો જોશ વીચાર રૂપે તથા શબ્દરૂપે જાળવી રાખવાને ખાતર "નીરંગો, સેતાયશો, આફરીનો, પતેત" વગેરે રચવાને વાસ્તે વાપરી છે. આવી રીતે "પાજંદ" ભાષામાં ભણતરો રચવા માટે તે દસ્તુરાંન દસ્તુર સાહેબને હક્ક હતો, તથા તેવણ સાહેબની તે બાબે કેઇ લાયકાત

હતી તે બાબે "નજર-નામેહ" યાને અર્પણ-પત્રિકામાં સહેજ ઈશારો કરવામાં આવ્યો છે, અને હાલમાં ઈંગ્રેજી યા ગુજરાતી યા બીજી કોઈબી ભાષામાં આપણામાં કોઈથી બી બંદગી કાંય નહી રચી શકાય તેનું કારણ પણ તે ઈશારા ઉપરથી ધ્યાનથી વાંચ્યાથી સમજ પડી શકશે. "અવસ્તા માંથ્ર"ની "પહેલવી-જંદ" અને તે ઉપરથીજ "પાઝંદ" એમ તનાસુલી સીલસીલો જાળવીનેજ—તથા જરથોસ્તી દએનનાં ભણતરોના બે મુખ્ય કાયદા "મીથ્ર" યાને વીચારનો જોશ તથા "સ્તોત" યાને "માંથ્ર"ના શબ્દઉચ્ચારનો જોશ, એ બે કાયદાઓ બરાબર સમજીને તે કાયદાઓનો ભંગ કર્યા વગર આ "પાઝંદ" ભણતરો રચવાની કુદરતી શક્તિ તે દસ્તુરાંન દસ્તુર સાહેબમાં પોતાની અશોઈને લીધે હતી એમ ખુબ રવેશે ધ્યાનમાં લેવાની હમ-દીન વાંચનારને ખાસ અરજ કરવામાં આવે છે.

"પાઝંદ ભણતર સીરીઝ નં. ૧" યાને "પાઝંદ આફ્રીન બા માએની" માટે ખુલાસો

આ કેતાબમાં તરજુમાનું જે ધોરણ અખત્યાર કરવામાં આવ્યું છે તેની આગમજ આ આફ્રીનના પાઝંદ ભણતરોના તરજુમાનું કામ જાહેરમાં આપવાનું શરૂ થઇ ચુકયું હતુ.

મુંબઇની પારસી વેજીટેરીયન એન્ડ ટેમ્પરન્સ સોસાયટી તરફથી જે ત્રીમાસીક ચોપાન્યું "ફ્રશો-ગર્દ" નામે પ્રગટ થાય છે, અને જે "ફ્રશો-ગર્દ"નો અધિપતી આ કેતાબનો અદના લખનાર પોતે છે, તે "ફ્રશો-ગર્દ"ના પુસ્તક ૪. નં. ૧ પાના ૪૭–૪૯ તથા નં. ૨ પાના ૧૪૮–૧૫૪ અને પુસ્તક ૬. નં. ૧. પાના ૫૩–૬૮ માં આ "આફરીન"નાં ભણતરોને લગતી ખાસ સમજણ તથા તેમાં સમાયલા મીથ્ર યાને વીચારોની બુલંદી તથા અસલ આફરીન તથા તેનો તરજુમો તથા તે ભણવાથી થતા ફાયદા વગેરે વગેરે આપવામાં આવ્યા છે, અને હજી ભવિષ્યના અંકોમાં એવાજ પ્રકારની સમજણ ખુદાના ચાહવાથી આપવામાં આવશે; માટે આ "આફરીન બા માએની" વાંચનાર દરેક હમ-દીનને આફ-રીનનાં ભણતરોની બુલંદી સમજવાને ખાતર "ફ્રશો-ગર્દ" ના જે અંકોમાં એ બાબદ આવતી હોય તે અંકો જરૂર વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે, અને તે અં-કોમાં આપેલી ખાસ સમજણ વાંચ્યાથી આ નાની કેતાબનું ઉપયોગીપણું તથા અગત્યતા શું છે તે સમજી શકાશે.

અત્યાર સુધીમાં ઘણાં મોતેબર "પાઝંદ" ભણતરોનો મોટા ભાગનો તરજુમો થયો નથી, અને તેથી પાઝંદ ભણ-તરોની ખુબી હમ–દીનો પીછાણતાં થાય એવી મતલબથી "પાઝંદ ભણતર સીરીઝ" તેના તરજુમા સાથે બહાર

પાડવાનો વીચાર રાખવામાં આવ્યો છે, અને તેનાં પહેલાં નંબર તરીકે "પાજંદ આફરીનો" લેવામાં આવી છે. ક્રીયા-કામ કરનારા મોબેદો તેમજ અવસ્તા પહેલવી ભાષાના બધા અભ્યાસીઓને તેમજ ક્રીયાકામ થતી વખતે હાજર રહેનારાં હમદીન બાનુઓ તથા ગૃહસ્થો માટે એક કીમતી રાહબર થઈ પડે, તથા દરેકે દરેક બસ્તે કુસ્તીઆંન હમદીન આ કેતાબમાં સમાયલી બુલંદ બાબદ ઉપર ધ્યાન આપી શકે એવી ખાહેશથી અસલ શુદ્ધ ઉચ્ચારે ગુજરાતીમાં દરેક આફરીનનું ભણતર લખવામાં આવ્યું છે, અને તેનો બોલે-બોલ તરજુમો આપવામાં આવ્યો છે. અવસ્તા ભણતરોનો તરજુમો કરનાર અવસ્તા અભ્યાસીઓ તેમજ બીજા હમ-દીનોમાં મશહુર થયલા બહેશ્ત–બહેરે એરવદ કાવસજી એદલજી કાંગાની કેતાબોની માફક દરેક શબ્દ ઉપર આંકડા મુકીને બોલેબોલનો (word-for-word) અર્થ જાણી શકાય તેવી ઢપમાં તરજુમો આપવામાં આવ્યો છે. આ કેતાબમાં આફરીનોનું અસલ પાજંદ ભણતર એકજ સાઈડ ઉપર ડાબી ગમ આપવામાં આવ્યું છે અને સામે જમણી બાજુનાં પાનાં ઉપર તરજુમો આપવામાં આવ્યો છે, જેથી એક હાથ ઉપર જેમ ભણવામાં સવળતા થશે, તેમ બીજા હાથ ઉપર આફ-રીનના બોલેબોલ તરજુમાના શોખીન વાંચકોને તેમજ ધર્મ-ભાષાભ્યાસીઓને આ ગોઠવણ ઘણી ઉપયોગી થઇ પડશે.

હાલમાં જુદાં જુદાં આફ્રીંન્ગાનનાં ભણતરને છેડે જે જુદી જુદી આફરીનનાં ભણતરો મોબેદ સાહેબો પઢે છે તેને લગતું તદન શુદ્ધ ઉચ્ચારનું તથા બોલેબોલ તરજુમા સાથનું પુસ્તક આ સીવાય અત્યાર સુધીમાં મારી જાણ મુજબ બહાર પાડવામાં આવ્યું નથી. અત્યાર સુધીમાં જે નાની મોટી ગુજરાતી હરફમાં લખાયલી કેતાબો તેમજ અસલ પાઝંદ લીપીમાં લખાયલી ચોકસ કેતાબો જે મારા જોવામાં આવી છે તેમાં પુષ્કળ શબ્દો તદન અશુદ્ધ અને અસલ શબ્દને બીલકુલ મળતા નહી આવે એવા આકારમાં માલમ પડ્યા છે; જેથી કેટલીક વખત અર્થો ઉલટાઈ જવાનો સંભવ ઉભો થાય છે, જેના પુષ્કળ દાખલાઓમાંથી થોડાક જાણાવા જોગ દાખલાઓ આપવા ઠીક થઇ પડશેઃ—

આફ્રીનનું નામ.		કેટલીક કેતાબો-માં મળતા અ-શુદ્ધ ઉચ્ચાર.	થવા જોઇતા શુદ્ધ ઉચ્ચાર.
૧. આફ્રીન–ઇ–અરદાફ્રવશ	પાનું ૮	એદેગાંનસ્ત	એદ–શાંનહસ્ત
૨. ,,	પાનું ૧૨	બુનંદમાની	બુંદે માને
૩. ,,	પાનું ૧૨	અવલ હસ્ત	અવલ એસ્તેદ
૪. ,,	પાનું ૧૨	અઘ	અંદાઘ
૫. ,,	પાનું ૧૬	કફઇન	કે ૫ ઇન
૬. ,,	પાનું ૧૬	બહરેની દેસ્તાદ	બરહેનીદ એસ્તાદ
૭. આફ્રીન–બા–નામે બુજોર્ગાંન	પાનું ૧૮	પરાંન પશોઅંતર	ફરખો વ પાશુમતર
૮. ,, ,, ,,	પાનું ૨૦	દોઆઈશ્નીગર	યાસ્મીન ગુલ
૯. ,, ,, ,,	પાનું ૨૦	બતાશ જીચ	૫ દાનશે જીચ
૧૦. ,, ,, ,,	પાનું ૨૦	જર–રોઆન	જરવાન
૧૧. આફ્રીન-ઇ-હફ્ત અમશાસ્પંદ	પાનું ૨૬	સીજદ વાખશ	સીજ-ઇ-અપઓશ
૧૨. ,,	પાનું ૨૬	સરશોક	ઇ દેરંગ ગવ

	આફ્રીનનું નામ.		કેટલીક કેતાબો-માં મળતા અ-શુદ્ધ ઉચ્ચાર.	થવા જોઇતા શુદ્ધ ઉચ્ચાર.
૧૩.	આફ્રીન-ઇ હફ્ત અમશાસ્પંદ	પાનું ૨૮	તોશૂશ	તશ્નીહ
૧૪.	,,	પાનું ૩૦	ગેરેશ દાશતાર	ગરે—હોશ—દાશ્તાર
૧૫.	આફ્રીન-ઇ-હફ્ત અમશાસ્પંદ	પાનું ૩૬	(અથોરનાન) !	
			અતઉરૂનાંન	વતરાંન
૧૬.	,,	પાનું ૩૮	પંચા મનશ્ને	૫ ચમશ્ને
૧૭.	આફ્રીન-ઇ-ગાહામ્બાર	પાનું ૪૬	ગુહાંન	ઈ—વેહાંન
૧૮.	,,	પાનું ૫૦	હાતાંમ્ચ નમાનહે	હાતાંમ્—ચિન્માને
૧૯.	,,	પાનું ૫૦	મેશદીનોયદ	મેશ—ઈ—દએનુતે
૨૦.	,,	પાનું ૭૦	પેસમાલી	પેશમાલીન ......
			પેસમાલી	પસમાલીન ......
૨૧.	,,	પાનું ૭૦	કુ ગાંમ	કુ કાંમ

વળી આ અશુદ્ધ ઉચ્ચારો સુધારવા ઉપરાંત આ નાની કેતાબમાં દરેક વાક્યની વચ્ચે યા છેડે કેમ થોભવું તે માટેની નિશાણીઓ (Punctuations) ખાસ ધ્યાનથી મુકવામાં આવેલી છે, જેથી દરેક વાક્ય સમજીને ભણવામાં સવલતા થઈ પડે અને જયાં અટકવું ઘટે ત્યાં બરોબર અટકી શકાય, અને તેમાં વિચારનો જોસ સાથે સાથે આમેજ કરી શકાય. હાલની ઘણી ચોપડીઓમાં વાક્યને છુટાં પાડેલાં બીલકુલ જોવામાં આવતાં નથી, જેથી જેમ ગમે તેમ વાક્ય અરધાં આખાં લીધાથી વિચારનો જોશ ભણનારની અંદર રહી શકતો નથી.

આ નાની કેતાબમાં બીજી જે અગત્યની બીના આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે ફૂટનોટ છે. આ ફૂટનોટની અંદર ખાસ કરીને અવસ્તાનાં ભણતરો જેવાં કે યશ્ત, વંદીદાદ, ઈજશ્ને વગેરેની શાહદતો આપવામાં આવી છે. પાઝંદ આફરીનનાં ભણતરો કંઈ અલલ ટપ્પે પોતાના માની લીધેલા વિચારોને આધારે દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ સાહેબે રચ્યાં નથી, પણ જે અવસ્તાનો ઇલ્મ તેવણ સાહેબ ધરાવતા હતા તે અવસ્તાના ઈલ્મના આધારેજ તેવણ સાહેબે અસલ મીશ્ર ઉપરથીજ પાઝંદ આફરીનો રચેલી છે, એમ બતાવવાને ખાતર આ કેતાબની અંદર ફુટનોટમાં જયાં જયાં બની શકે ત્યાં થોડી થોડી અવસ્તા શાહદતો આપવાની મેં

કોશેશ કીધી છે. ખુદ અસલ પાઝંદ ભણતરોમાં આખાં અવસ્તાના વાક્ય વણી લેવામાં આવેલાં છે, અને તેમ પાઝંદ સાથે અવસ્તા ગુંઠી લેવાની ઢપ ઉપરથીજ પાઝંદ આફરીનો ખુદ અસલ અવસ્તાના પાયા ઉપરજ રચવામાં આવેલી છે એમ સીધી ગવાહી આપણને મળે છે. **"ચુન અંદર અ-વસ્તા"** "યાને જે પ્રમાણે અવસ્તામાં છે તે પ્રમાણે", તથા **"હસ્ત અવસ્તા ગવાહી પ હાદોખ્ત એઝ્ આંન જા પએદા"** યાને "હાદોખ્તમાં અવસ્તાની શાહ-દત ત્યાં એમ જાહેર છે કે"—આવાં આવાં વાક્ય ખુદ બતાવી આપે છે કે તમામ પાઝંદ આફરીનનો આધાર અસલ અવસ્તા જેમાંનો ઘણોજ મોટો ભાગ દાખલા તરીકે "હાદોખ્ત નસ્ક" આપણી પાસે હાલ મોજુદ નથી તે બુલંદ અવસ્તાની "પ-હેલવી ઝંદ" યાને પહેલવી શરેહ ઉપરથીજ આ પાઝંદ આફરીનો રચવામાં આવેલી છે, અને તેટલા માટે અસલ અવસ્તાની ગેરહાજરીમાં તે અવસ્તા મીથ્ર તથા માંથ્રના જાયનશીન તરીકે આ પાઝંદ ભણતરો તરફ આપણી તર-ફથી લાયક મરતબામાં માન તથા જાનફેશાની ભરેલી લાગણી બતાવવાની ઘણી જરૂર છે. કેટલીક વખત તો ફૂટનોટમાં આખાં અવસ્તા વાક્ય આપવામાં આવેલાં છે કે જેથી પાઝંદ વાક્ય એમના એમ અવસ્તા વાક્ય ઉપરથી કેવી રીતે રચવામાં આવેલાં છે તેનો ખ્યાલ ધ્યાનથી વાંચનાર હમદીનને આવી શકશે.

વળી પાઝંદ આફરીનોની બીજી ખુબી તો એ છે કે જે અવસ્તા વાક્ય અને શબ્દો આપણી પાસે આખાં ધર્મસાહિત્યના હાલ બચી રહેલાં ફક્ત ૨૧ મા ભાગ જેટલાં નસ્કની અંદર જળવાઇ રહ્યાં નથી તે ગુમ થયલાં નસ્કોમાંના અસલ અવસ્તા વાકય અને શબ્દો પાઝંદ આફરીનમાં તેની શરેહ સાથે જળવાઇ રહેવા પામ્યાં છે, અને આ ઉપરથી તો એક મજબુત સાબેતી મળે છે કે આપણા એકવીસ નસ્કમાંનો ઘણોજ મોટો ભાગ જરથોશ્તી ધર્મની દરેક બાબદ હાલમાં સમજવાને માટે આપણી પાસે મોજુદ નથી. દાખલા તરીકે, અરશનુમની ક્રીયાની સમજણ વંદીદાદમાં મળે છે તે પ્રમાણે બીજી કોઈબી મોટી ક્રીયાની સમજણ હાલના બચી રહેલા અવસ્તામાં મળી શકતી નથી, કેમ જે ક્રીયાઓની સમજણ આપનારૂં નસ્ક હાલમાં આપણી પાસે જળવાયલું નથી. તો પણ આ આફરીનનાં પાઝંદ ભણતરો ઉપરથી—ઈજશને, દરૂન, આફરીન્ગાન, ગાહામ્બાર, રપીથ્વન, વગેરે મ્હાન ક્રીયાઓથી ગુજર પામેલાંઓને તેમજ જીવતાંઓને થતા ફાયદાની જે સમજણ મળે છે તે ઉપરથી—આપણે સમજી શક્યે છીએ કે આ આફરીનો જે અસલ અવસ્તા ઉપરથી લેવામાં આવેલી છે, તે અસલ અવસ્તામાં ક્રીયાઓને લગતી કેટલી બધી "તાવીલ" યાને ઉંડાણ સમજણ આપેલી હોવી જોઈએ.

પાઝંદ આફ્રીનનાં ભણતરોમાં ત્રણ પ્રકારમાં મળી આવતો અવસ્તાનો આધાર.

(ક) પાઝંદ શબ્દો અને વાકયો જેનો અવસ્તાનો આધાર હાલના મોજુદ અવસ્તામાંથી મેં પોતે ફૂટનોટમાં જગે-જગ જણાવ્યો છે.

(ખ) આફ્રીનમાં વણી લીધેલા અવસ્તા વાક્યો જેની અવસ્તાની શાહદત હાલનાં મોજુદ અવસ્તામાંથી ફૂટ-નોટમાં જણાવવામાં આવેલી છે.

(ગ) આફ્રીનમાં વણી લીધેલાં અવસ્તા વાક્યો અને શબ્દો જે હાલના મોજુદ અવસ્તામાંથી મળી શકતા નથી, પણ જે ગુમાઇ ગયલાં નસ્કમાંથી લેવામાં આવેલાં છે, અને તેટલામાટે જેની શાહદતો આપી શકાતી નથી.

આ ત્રણ પ્રકારના અવસ્તાનો જમીલો નીચે મુજબ ધ્યાનમાં લીધાથી, પાઝંદ આફ્રીનનો અસલ અવસ્તા સાથનો તાલુકો કેટલો બધો મજબુત છે તે સમજવામાં સવલતા થઈ પડશેઃ—

(ક)

પાઝંદ શબ્દો અને વાકયો જેનો અવસ્તાનો આધાર હાલના મોજુદ અવસ્તામાંથી મળી આવેછે તેઃ

(ક) પાજંદ શબ્દો અને વાકયો	આ કેતાબનું પાનું	હાલના મોજુદ અવસ્તાનો આધાર	તે અવસ્તાની શાહુદત
૧ આતશ્‌—બેરેજ઼ો સવંઘ્‌હ્‌; આતશ્‌—વોહૂ—ક્રયાંન્‌, આતશ્‌—ઉર્વાજ઼િશ્‌ત્‌, આતશ વાજ઼િશ્‌ત્‌, આતશ્‌—સ્પેનિશ્‌ત્‌, વ આતશ્‌—નઇરયો—સંઘ્‌હ્‌.	૬	આતરેમ્‌ બેરેજી—સવંઘ્‌હેમ્‌ યજ઼મઇદે, આતરેમ્‌ વોહૂ—ક્રયાંનેમ્‌ યજ઼મઇદે, આતરેમ્‌ ઉર્વાજી઼શ્‌તેમ્‌ યજ઼મઇદે, આતરમ્‌ વાજી઼શ્‌તેમ્‌ યજ઼મઇદે, આતરેમ્‌ સ્પેનિશ્‌તેમ્‌ યજ઼મઇદે, ક્ષથ્રેમ્‌ નફેદ્રેમ્‌ નઇર્‌યો—સંઘ્‌હેમ યજ઼તેમ્‌ યજ઼મઇદે.	યજશ્‌ને, હા ૧૭ ફ. ૧૧
૨ એજ઼ ગયોમર્દ્‌ અંદા સૂદ્‌મંદ્‌ પુર—ખોરેહ્‌ સઓશ્‌યોશ્‌	૧૦	હચ ગયાત્‌ મરેથ્‌નત્‌ આ સઓષ્યંતાત્‌ વેરેથ્રઘ્નત્‌	યજશ્‌ને, હા ૨૬ અથવા સ્તુમ્નો કરદો

૩ કએ-ખૂસ્રૂ	૧૮	ક્વોઇશ્ હઓસ્રવંઘ્હે	ફ્રવરદીન યશ્ત, ફ. ૧૩૨
૪ જરીર્	,,	જઇરિ વરોઇશ્	,, ફ. ૧૦૧
૫ સ્યાવક્ષ્	,,	ક્વોઇશ્ સ્યાવર્ષાનો	,, ફ. ૧૩૨
૬ (ક) વીશ્તાસ્પ્ શાહ્	,,	ક્વોઇશ્ વીશ્તાસ્પહે અ-ષઓનો ફ્રવષીમ્ યજમઇદે	,, ફ. ૯૯
૬ (ખ) હમા-જોર્ ફ્રો-હરે કએ-વીશ્તાસ્પ્ શાહાંન્શાહ્ બાદ્	૯૨		
૭ સાંમે નરીમાન્	૧૮	સાંમહે કેરેસાસ્પહે	,, ફ. ૧૩૬
૮ (ક) અસ્પંદ્યાર્	૨૦	તખ્મહે સ્પેન્તો-દાતહે અષઓનો ફ્રવષીમ્ યજમઇદે	,, ફ. ૧૦૩
૮ (ખ) હમા-જોર્ ફ્રો-હરે યલ્ ઇ અસ્પંદયાર્ બાદ્	૯૪		
૯ (ક) જામાસ્પ્	૨૦	જામાસ્પહે હવોવહે અ-ષઓનો ફ્રવષીમ્ યજમઇદે	,, ફ. ૧૦૩
૯ (ખ) હમા-જોર ફ્રો-હરે જામાસ્પ્ બાદ્			

૧૦	પ જનરને અએષમ્ પ્રવી-દ્રઓશ	૨૪	સ્નથાઈ અએષ્મહે પ્રવી-દ્રઓશ	સરોશ યશ્ત, ક. ૧૩
૧૧	અકોમન્	,,	અક-મનંઘ્હ	ગાથા, હા ૩૨;૩
૧૨	તરો-મઇતિ	,,	તરો-મઇતી	ગાથા, હા ૩૩;૪
૧૩	અપઓશ	૨૬	અપઓષો	તેશ્તર તીર યશ્ત, ફ. ૨૧;૨૨
૧૪	સ્પંજગર્	,,	સ્પિન્જઉરૂશ્કેમ્	ગોશ યશ્ત, ફ. ૩૧
૧૫	બુશ્યાંસ્પે દેરંગ્-ગવ્	,,	બૂષ્યાંસ્ત્ યા દરેઘો-ગવ	વંદીદાદ, ૧૧;૯
૧૬	અસ્ત્-વહાદ્	,,	અસ્તો-વીદોતુશ	વંદીદાદ, ૫;૯ તથા ૪;૪૯
૧૭	આજ-ઈ-દીવાંન્-દાદ્	૨૮	આજ઼િશ દએવો-દાતો	વંદીદાદ, ૧૮;૧૯
૧૮	તારીચ્	,,	તઉરૂ	વંદીદાદ, ૧૦;૧૦
૧૯	જ઼ારીચ્	,,	જ઼ઇરિચ	,, ,,
૨૦	તશ્નીહ્ વ શૂદ્	,,	વ ષુદેમ્ચ તરષ્નેમ્ચ	જમ્યાદ યશ્ત, ફ. ૯૬
૨૧	અઉર્વન્દ્-કોહ્	,,	અઉર્વન્તો	જમ્યાદ યશ્ત ફ. ૩

૨૨	રએવંદ્-કોહ્	૨૮	રએવાઓસ્ચ ગઇરિશ્ રએવન્તહે ગરોઇશ્	જમ્યાદ યશ્ત ફ. ૬ આતશ ન્યાએશ
૨૩	મેહ્-પાર્સીન્-કોહ્	,,	ઉપાઇરિ-સએન	જમ્યાદ યશ્ત ફ. ૩
૨૪	ગરે-હોશ્-દાશ્તાર્	૩૦	ગઇરિ-ઉષિ-દરેનેમ્	હોરમજદયશ્ત ફ.૨૮
૨૫	જ઼રેહ્-વર્-કશ્	,,	જ઼રયંઘ્હો વોઉરૂ કષહે	જમ્યાદ યશ્ત ફ. ૫૯
૨૬	જ઼રેહ્-પુઇતિ	,,	જ઼રયો પૂઇતિકેમ	વંદીદાદ ૫;૧૬,૧૮
૨૭	જ઼રેહ્-કયાંસે	,,	જ઼રયો યત્ કાંસૂમ્	જમ્યાદ યશ્ત ફ. ૬૬
૨૮	અરેજહ્, સવહ્ ક્રદદફ્ષ્, વીદદફ્ષ્, વોરૂ-બરેશ્ત્, વોરૂ-જ઼રેશ્ત્, ખનરસ્-બામી	,,	અરેજહિ, સવહિ, ક્રદદ-ફ્ષુ, વીદદફ્ષુ, વોઉરૂ-બ-રેશ્તી, વોઉરૂ-જરેશ્તી, ખનીરથબામી	ર૦ને યશ્ત ફ. ૯ થી ૧૫
૨૯	ગયોમર્દ્	૩૨	ગયેહે મરેથ્નો	ફ્રવરદીન યશ્ત ફ.૮૭
૩૦	હઓશંગ્	,,	હઓષ્યંઘ્હો પરદ્હાતો	આવાં યશ્ત ફ. ૨૧
૩૧	તહ્મૂરસ્પ્	૩૪	તખ્મેમ ઉરૂપિ	જમ્યાદ યશ્ત ફ. ૨૮
૩૨	જમ્શીદ્	,,	યિમો ક્ષએતો હ્વાંથ્વો	મોટી હોમ યશ્ત ફ. ૪
૩૩	ફ્રેદૂન્	,,	થ્રએતઓનો	બેહેરામ યશ્ત ફ. ૪૦

૩૪ મિનો-ચેહ્રર્ બામી	૩૪	મનુશ્ ચિથ્રહે અઇર્યાવહે	ક્રવરદીન યશ્ત ફ. ૧૩૧
૩૫ હુઝ્બે તહ્મારપાંન્	,,	ઉજવહે તુમાસ્પહે	,, ,,
૩૬ કએ-કોબાદ્	,,	કવએમ્ કવાતેમ્	જમ્યાદયશ્ત ફ. ૭૧
૩૭ કએ-કાઉસ	,,	કવએમ્ ઉસદનેમ્	,, ,,
૩૮ કએ-સ્યાવક્ષ્	,,	કવએમ્ સ્યાવર્ષાનેમ્	,, ,,
૩૯ વેહાંન્ પાદ્શાહ્ બેંદ્; વતરાંન્ અપાદ્શાહ્ બેંદ્	૩૬	વસો-ક્ષથ્રો ખ્યાત્ અષવ; અવસો-ક્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ	હોશબાંમ અથવા યજશ્ને હા ૮;૫
૪૦ દાના પાદ્શાહ્ બાદ; હુશ્-દાના અપાદ્-શાહ્ બાદ્	૩૮	,, ,,	,,
૪૧ વેહ્-મનશ્ને બાદ્ આ-ખશ્તિ વ અમાવંદ્ ત-ર્વીની દાર્તુમ્ એજ્ આંને વેહાંન્ દામાંન્	૭૬	વંઘ્હવે મનંઘ્હે આક્તોઇશ હાંમ્-વઇન્ત્યાઓ, તર-દાતો અન્યાઇશ દામાંન્, આસ્નહે ખ્રથ્વો મજદ-	મોટી હપતન યશ્ત ક્ષ્નૂમન

આસને ખેરદ્ અહુર્-મજ્દ્-દાદ્,વ ગોશો-સૂને-ખેરદ્ અહુર્મ-જ્દ્-દાદ્		દાતહે, ગઓષોસ્રુતહે ખ્રથ્વો મજ્દદાતહે	
૪૨ શહેરેવર્ અમેશાસ્પંદ્ ...અયઓખ્શુસ્ત્ અ-ર્જોમંદ્ જર્ વ સીમ્ દારશ્ને વ પર્વર્શ્ને ઇ મર્દુમાન્ કેશ્ આ-જાદાં—	૭૮	ક્ષથ્રહે વઇર્યેહે અયોક્ષુ-સ્તહે મરેજ્દિકાઈ થ્રા-યો-દ્રિગઓવે	મોટી હપતન યશ્ત ક્ષ્નૂમન
૪૩ સ્પેંદાર્મદ્ અમેશા-સ્પંદ્, વેહ્ બૂન્દહ્-મ-નશ્ને હુદાના વ રાદય્ વેહ્-કાંમ્ ઈ દોય્સ્ર,હ્-ચશ્મે ઇ અહુર્મજ્-દ્-દાદ્, અશાઇ બાદ્	૮૦	સ્પેન્તયાઓ વંઘ્હુયાઓ આર્મતોઇશ રાતયાઓ વંઘ્હુયાઓ વોઉરૂ-દોઇ-થ્રયાઓ મજ્દદાતયા-ઓ અષઓન્યાઓ	મોટી હપતન યશ્ત ક્ષ્નૂમન

૪૪ ખુર્દાદ્ અમેશાસ્પંદ્, રદે સાલાંન્.....વેહ્ શહેદ્ જીવસ્તન્, બ-રાય્ સાલ્ અશો અ-શાઈ રદ્ બાદ્	૮૦	હઉર્વતાતો રથ્વો યાઇર્ય-યાઓ હુષિતોઇશ્ સરે-દએઇબ્યો અષહે રતુબ્યો	મોટી હપતન યશ્ત ક્ષ્નૂમન
૪૫ અમેર્દાદ્ અમેશાસ્પં-દ્, ફશુશ્ને અવજાયશ્ને ઈ રમે, અવ્જૂની ઇ જોર્દાયાંન્, ગઓ-કર્ન્—દાર્ વ દ્રખ્તે અહુર્-મજદ્—દાદ્	૮૨	અમેરેતાતો રથ્વો ફષઓની-બ્ય વાંથ્વાંબ્ય અસ્પિ-નિબ્ય યઓનિબ્ય ગ-ઓકેરેન્હે સુરહે મજ-દદાતહે	મોટી હપતન યશ્ત ક્ષ્નૂમન
૪૬ અશો—જદ્	૮૨	અષવજંઘ્હો	મોટી હોમ યશ્ત
૪૭ મેહેર્ યજદ્ ફ્રાખ્-ગયોત્	૮૨	મિથ્રહે વોઉરૂ ગઓય-ઓઇતોઇશ્	મેહેર ન્યાએશ્
૪૮ રામશ્ને-ખારૂમ્	૮૨	રામનો ખાસ્ત્રહે	” ”
૪૯ અંદર્—માહ્ પૂર્માહ્—વીશપ્તથ્	૮૪	અન્તરે—માઓંઘ્હ્, પેરેનો-માઓંઘ્હ, વીષપ્તથ	માહ બોખ્તાર ન્યા-એશ ફ. ૬

૫૦	તન્—આસાંન્—જીવ-શ્ને વ મનેશ્ ખુશ્ વ રવાંન્ શાદ્ વ ફ્રોખ્ માહ્માંન્ બાદ્!	૮૬	યથ નો આઓંઘ્હાંમ્ ષાતો મનાઓ, વહિશ્તો ઉ-વાંનો, ખાથ્રવઇતિશ તન્વો	હોશબામ "વસસ્ચ તૂ અહુરમઝ્દ"-વાળો ફકરો
૫૧	વતરાંન્ શાંન્ મતવાંન્ બાદ્ બૂદન્, તાકે ઓય્ વેહ્ વર્ઝંદ્	૮૮	અવસો—ક્ષથ્રો ખ્યાત્ દ-વાઓ	હોશબાંમ અથવા યજશ્ને હા ૮;૫
૫૨	અગર્ ઓય્ વેહ્ ન વર્ઝંદ્ ઓશાંન્ મેહેર્ યઝદ્ ફ્રાખગઓય-ઓદ્ ૫ હંગામે ખેશ્ વજર્ પદશ્ ફુનાદ્	૮૮	યઝાઈ વઝરેમ્ હુનિવિ-ખ્તેમ્ કમેરેદે પઇતિ દ-એવનાંમ્ મિથ્રહે વોઉરૂ ગઓયઓઇતોઇશ્	ખોરશેદ ન્યાએશ ફ. ૧૫
૫૩	તા આંન્ દેરંગ્ જમાંન્ ઓય્ રવાંન્—ઓખ્તગી	૮૮	દરેઘેમ્—ચિત્ અઇપિ—જ-ર્વાનેમ્ ઉપ—સૂરાંમ્ ફ્ષો—કેરેતીમ્	આતશ ન્યાએશ
૫૪	હમાજોર્ ફ્રોહરે જર-થોશ્ત્ સ્પિતમાંન્ બાદ્	૯૦	જરથુશ્તહે સ્પિતામહે ઈદ અષઓનો અષીમ્ચ ફ્રવ-ષીમ્ચ યજમઇદે	ફ્રવરદીન યશ્ત ફ.૮૭

૫૫ હમા-જોર્ ક્રોહરે ક્રશોશ્તર્ બાદ્	૯૨	ક્રષઓશ્તહે હવોવહે અષઓનો ક્રવષીમ્ યજમઇદે	ક્રવરદીન યશ્ત ફ. ૧૦૩
૫૬ હમા-જોર્ ક્રોહરે સએન્-અહૂમ્-સ્તૂદાંન્ બાદ્	૯૨	સએનહે અહૂમ્-સ્તુતો અષઓનો ક્રવષીમ્ યજમઇદે યો પઓઇરયો સતો-અએશ્રયો ક્ષતત્ પઇતિ આય જમા	ક્રવરદીન યશ્ત ફ.૯૭
૫૭ હમાજોર્ ક્રોહરે મઈદ્યોઈ-માહે આરાસ્તાંન્ બાદ્	૯૪	મઇદ્યોઈ માઓંઘ્હહે આરાસ્ત્યેહે ઈદ અષઓનો અષીમ્ચ ક્રવષીમ્ચ યજમઇદે, યો પયોઈર્યો જરથુશ્તાઈ માંથ્રેમ્ચ ગૂશ્ત સાસ્નાઓસ્ચ	ક્રવરદીન યશ્ત ફ.૯૫
૫૮ હમા-જોર્ ક્રોહરે વર્શ્ને-હંગઉરોશાંન્ બાદ્	૯૪	વર્ષનહે હંઘ્હઉરૂષોઇશ અષઓનો ક્રવષીમ્ યજમઇદે	ક્રવરદીન યશ્ત ફ. ૧૦૪

૫૯ શૂમા નેક્-જ઼ીવી વ દેર્-જ઼ીવશ્ને બેહ્ અ‧વા નરાંન્ વ નાઈરીકાંન્ વ પુસ્-જ઼ાદાંન્ કે ખીશ્ અવજ઼ાયાદ્ !	૧૦૬	વોહુ-જીતિ, ઉસ્-જીતિ, દરેઘેમ્‌જીતિ; જઈતે તે નરાંમ્, જઇતે તે નાઇરીકાંમ્, જઇતે તે પુથ્ર ઉસ્-જ઼યાઓન્તે તનુ-કેરેત	આફ્રીન્-ઈ-જ઼ર્તો-શ્ત્
૬૦ આફ્રીદેહ્ બેહ્ ચૂન્ જમ્શીદ્	૧૦૬	ખરેનંઘ્હુન્તેમ્ બવાહિ યથ યો યિમો ક્ષએતો હ્વાંથ્વો	આફ્રીન્-ઈ-જ઼ર્તો-શ્ત્
૬૧ વર્જ઼ાવંદ્ બેહ્ ચૂન્ કએ સ્યાવક્ષ્ !	૧૦૬	સ્રીરેમ્ કેહ્રપેમ્ અનાસ્ત્ર-વનેમ્ બવાહિ યથ કવ સ્યાવર્ષાનો	આફ્રીન્-ઈ-જ઼ર્તો-શ્ત્
૬૨ દીનીન્ બેહ્ ચૂન્ વીશ્તાસ્પ્શાહ્	૧૦૮	અએવ‧તે બવાહિ યથ વીશ્તાસ્પાઈ	આફ્રીન્-ઈ-જ઼ર્તો-શ્ત્
૬૩ ફીરોજ઼ગર્ બેહ્ ચૂન્ ફ્રેદૂન્	૧૦૮	વેરેથ્રજ઼ાઓ યથ થ્રએત-ઓનો	આફ્રીન્-ઇ-જ઼ર્તો-શ્ત્
૬૪ જ઼ીનાવંદ્ બેહ્ ચૂન્ તહ્મૂરસ્પ્	,,	જેનંઘહુન્તેમ્ બવાહિ યથ તખ્મો ઉરૂપ	,,

૬૫	પૂર્—નર્ બેદ્ ચૂન્ હઓશાવર્	૧૦૮	પોઉરૂ—જિરો યથ અઓ-શનરો	આફ્રીન્—ઇ—જરતો-શ્ત્
૬૬	પૂર્—ગાવ્ બેદ્ ચૂન્ આથ્વ્યાંન્ ફ્રેદૂન્-પેદ્	,,	પોઉરૂ—ગો બવાહિ યથ આથ્વ્યાનોઇશ્	,,
૬૭	પૂર્—અસ્પ્ બેદ્ ચૂન્ પોઉરૂશસ્પ્ જર્થુશ્ત-પેદ્	,,	પોઉરૂ—અસ્પેમ્ બવાહિ યથ પોઉરૂષસ્પેમ.	,,
૬૮	અશો બેદ્ ચૂન્ જર્-થુશ્ત	,,	અષવ બવાહિ યથ જર-થુશ્તો સ્પિતામો	,,
૬૯	ફ્રૂનદાદ્ બેદ્ ચૂન્ જામાસ્પ્ ૫ દાંનેશ્		અમવ યથ જામાસ્પો	
૭૦	પૂર્—ખોરેહ્ બેદ્ ચૂન્ કએ—ખુસ્રૂ	,,	અયસ્કેમ્ અમહર્કેમ્ બ-વાહિ યથ કવ—હુસ્રવ	,,
૭૧	સૂદ્—દેહશ્ને બેદ્ ચૂન્ માહ્		રઓચિનવન્તેમ્ બવાહિ યથ માઓંઘ્હેમ્	,,

૭૨ તીજ વ તગી બેહ્ ચૂન્ મેહેર્	૧૦૮	તિજિનવન્તેમ્ બવાહિ યથ મિથ્રેમ્	આફ્રીન્-ઇ-જરતોશ્ત્
૭૩ રઓશન્ બેહ્ ચૂન્ આતશ્	,,	સઓચિનવન્તેમ્ બવાહિ યથ આતરેમ્	,,
૭૪ હસ્તાંન્	૧૨૮	યાઓસ્ચ જવન્તાંમ્ અષઓનાંમ્	યજશ્નેહા ૨૬ અથવા સ્તુમનો કરદો
૭૫ ખુદાંન્	,,	યાઓ ઈરીરિથુષાંમ્ અષઓનાંમ્	,,
૭૬ અજાદાન્	,,	યાઓસ્ચ નરાંમ અજાતનાંમ્	,,
૭૭ આ-દહી	,,	આ-દખ્યુનાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજમઇદે	,,
૭૮ ઉજ-દહી	,,	ઉજ-દખ્યુનાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજમઇદે	,,
૭૯ દહમ્	,,	દહમો-ફેરેતનાંમ	,,
૮૦ નર્	,,	નરાંમ્ચ અષઓનાંમ્ ફ્રવષયો યજમઇદે	,,

૮૧ નારીફ	૧૨૮ ,,	નાઇરિકાંમ્ચ અષઓનિનાંમ્ ફ્રવષયો યજમઇદે	યજશ્ને હા ૨૬ અથ- વા સ્તુમનો કરદો
૮૨ અવર્નાઇ	,,	વીસ્પનાંમ્ અપેરેનાયુકનાંમ્	,,
૮૩ હર્કે અવર્ ઇન્ જ- મીન્ પઇરિ વેહ્-દીની ગુદારાંન્ શુદ્-હસ્ત્	,,	ઇદ ઇરિસ્તનાંમ્ ઉરવાંનો યજમઇદે, યાઓ અષ- ઓનાંમ્ ફ્રવષયો	,,
૮૪ હમા ફ્રવષ-ઇ અશો- આંન્ અયોકર્દહયા એજ઼ ગયોમર્દ અંદા સઓષ્યોસ્ અએદર યાદ્ બાદ્	૧૩૦	વીસ્પાઓ અષાઉનાંમ વં- ઘઉહીશ્ સૂરાઓ સ્પે- ન્તાઓ ફ્રવષયો યજ- મઇદે યાઓ હચ ગયાત્ મરેથ્નત્ આ સઓ ષ્યંતાત્ વેરેથ્રઘ્નત્	,,
૮૫ કે ઇન્ માંન્ વીસ વજંદ્ દેહ્ વ રોસ્તા	,,	યજમઇદે નમાન્યાઓ, વી- સ્યાઓ, જન્તુમાઓ, દખ્યુમાઓ, જરથુશ્તો તેમાઓ	,,

૮૬ ગુજશ્તે હૈદ્દ	૧૩૦	વીસ્પનાંમ અહુમ્ય...પર ઇરિસ્તનાંમ્	યજશ્ને હા ૨૬ અથવા સ્તુમનો કરદો
૮૭ અશોઆંન્ ક્રવષ્ ચીરાંન્, ક્રવષ્ અવ-ર-વીજાંન, ક્રવષ્ ફીરોજગરાંન્, ક્રવષ્ પઓઈર્યો-ટ્કએષાંન્, ક્રવષ્ નબાનજદિશ્તાંન્	,,	અષાઉનાંમ્ ક્રવષીનાંમ, ઉગ્રનાંમ્ અઇવિથુરનાંમ્, ઉગ્રનાંમ્ વારેશ્રઘ્નિનાંમ્, પઓઇર્યો-ટ્કએષનાંમ્ ક્રવષીનાંમ્. નબા નજદિશ્તનાંમ ક્રવષીનાંમ્	આફ્રીન્ગાંનનો "યાઓ વીસાદ"વાળો કરદો અથવા ક્રવરદીન યશ્ત ક઼. ૧૫૬
૮૮ હમા અથોરૂનાંન્	૧૩૨	વીસ્પનાંમ્ અએશ્રપઇતિનાંમ્ અષઓનાંમ્ ક્રવષયો યજમઇદે	યજશ્ને હા ૨૬ અથવા સ્તુમનો કરદો
૮૯ કુંગ્-દએજ	,,	કંઘ્રહય	આવાં યશ્ત ક઼. ૫૪,૫૭
૯૦ વરે-જમ્	,,	વરેમ્	વંદીદાદ ૨;૨૫

(ખ) આફ્રીનમાં વણી લીધેલાં અવસ્તા વાકયોની મોજુદ શાહદત.

આફ્રીનમાં વણી લીધેલાં અવસ્તા વાકયો તથા શબ્દો.	આ કેતાબનું પાનું	હાલના મોજુદ અવસ્તાની શાહદત.
૧ ફ્રવરાને	૬	દરેક ગેહનું મંડાણ
૨ ગરો—ન્માનેમ્, મએથનેમ્ અહુરહે મજ્દાઓ, મએથનેમ્ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્, મએથનેમ્ અન્યએષાંમ્ અષઓનાંમ્.	૧૨	વંદીદાદ ૧૯;૩૨
૩ ઉસે—હિશ્તત્ વોહુ—મનો હચ ગાત્વો જરન્યો—કેરેતો.	,,	,, ૧૯;૩૧
૪ યથ મએષિ વેહર્કવઇતિ વેહર્કાત્ હચ ફ્રતરેસઇતિ	૧૪	,, ૧૯;૩૩
૫ વીસ્પેષાંમ્	૨૪	વીસ્પેશા અરદાફ્રવષની દરેક અવસ્તા ક્ષ્નુમન; સીરોજા યશ્ત ફ્. ૩૩
૬ અથ જમ્યાત્ યથ આફ્રીનામિ	૪૦	અહ્માઇ રએશ્ચની બંદગી

૭ હુમતનાંમ્ હૂખ્તનાંમ્ હ્વર્શ્તનાંમ્ યદચા અન્યદચા વેરેજયસ્નનાંમ્ચા વાવેરેજન નાંમ્ચા મહી અદ્દબીજરેતારો નએનએ સ્તારો યથના વોહુનાંમ્ મહી.	૪૨	મોટી હપતન યશ્ત્ ક. ૧ અથવા યજશ્ને હા ૨૫
૮ મદ્દયો જરેમ્યેહે	૪૮	વીસ્પરદ ક. ૧
૯ અ-યસ્નીમ્ દસ્તે અંતરે મજ્દયસ્નાદ્દશ્	૫૨	ગાહમ્બારનું આફ્રીંગાન ફ. ૭
૧૦ મદ્દયોષેમ્યેહે	૫૨	વીસ્પરદ ક. ૧
૧૧ અવચો-ઉર્વદ્દતીમ્ દસ્તે અંતરે મજ્દ-યસ્નાદ્દશ્	૫૪	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૮
૧૨ પદ્દતિશ્હેમ્યેહે	૫૬	વીસ્પરદ ક. ૧
૧૩ ગરેમો-વરંઘ્રહેમ દસ્તે અંતરે મજ્દય-સ્નાદ્દશ્	૫૮	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૯
૧૪ અયાથ્રેમ્યેહે	૬૦	વીસ્પરદ ક. ૧
૧૫ વારેમ્નેમ્ સ્તઓરેમ્ ફ્રપેરેનઓઈતિ અં-તરે મજ્દયસ્નાદ્દશ્	૬૨	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૧૦
૧૬ મદ્દ્યાદ્દર્યેહે	૬૪	વીસ્પરદ ક. ૧

૧૭ યાતેમ્ ગએથનાંમ્ ક્રપેરેનઓઇતિ અંતરે મજ્દયસ્નાઇશ	૬૬	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૧૧
૧૮ હમસ્પથમએદયેહે	૬૬	વીસ્પરદ ક. ૧
૧૯ વીસ્પ તરૂષુચ ક્ષુદ્રચ મસનચ વંઘ્હનચ સ્રયનચ	૬૮	જમ્યાદ યશ્ત ફ. ૫૮;૬૧
૨૦ આહુઇરીમ દૂકએષેમ ક્રપેરેનઓઇતિ અંતરે મજ્દયસ્નાઇશ	૭૦	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૧૨
૨૧ અવએજો દિમ્ પસ્ચએત ક્રચ પ્રઓસોઇત્ ક્રચ સ્યજજયોઇત્ અવએજો દિમ્ પસ્ચએત નાર્ષ્નિ ષ્યઓથ્ન અઇવિ દઇથિત્ રતુશ રતુનએમ અથ રતુન્યો રતુમ્	૭૦	ગાહામ્બારનું આફ્રીંગાન ફ. ૧૩
૨૨ સતવઇતિનાંમ્ હજંઘ્રવઇતિનાંમ્ અએવરે–અએવરનાંમ્	૭૨	વંદીદાદ ૫;૧૯
૨૩ જેમ્–ક્રથંઘ્ષ્ દાનુ–દ્રાજંઘ્ષ્ હવરે–એરેજંઘ્ષ્	૭૨	ઇજશ્નેહા ૬૦; આફરીંગાનનો "તાઓ અહમી ન્માને"-વાળો કરદો

૨૪ મઇન્યો રથ્વો એરેજતૂ	૭૨	વીસ્પરદ ક. ૧
૨૫ અહુમાઇ રએશ્ચ ખરેનસ્ચ, અહુમાઈ તન્વો દ્રવતાતેમ્, અહુમાઇ તન્વો વજદ્-વરે, અહુમાઇ તન્વો વેરેથ્રેમ્, અહુમાઇ ઇશ્તીમ્ પઓઉરૂશ-ખાથ્રાંમ્, અહમાઇ આસ્નાંમ્-ચિત્ ફ્રજંતિમ્, અહુમાઇ દરેઘાંમ્ દરેઘો-જીતીમ્, અહુમાઇ વહિ-શ્તેમ્ અહૂમ્ અષઓનાંમ્ રઓચંઘ્હેમ્ વીસ્પો-ખાથ્રેમ્. અથ જમ્યાત્ યથ આ-ફ્રીનામિ	૯૮, ૧૦૦	અહમાઇ રએશ્ચ નામની બંદગી; ઇજશને હા ૬૮.

(ગ)

આફરીનમાં વણી લીધેલાં અવસ્તા વાકયો તથા શબ્દો જે હાલના મોજુદ અવસ્તામાંથી મળી શકતાં નથી, પણ જે ગુમાઇ ગયલાં નસ્કમાંથી લેવામાં આવેલાં છે, અને તેટલા માટે જેની શાહદતો આપી શકાતી નથી.

	આ કેતાબનું પાનું
૧ પંચાચ—ચથ્વરેસ્તેમ્ચ મઇદયો—જ્રરેમ્યેહે અષહે વહિશ્તહે દથુષો.	૪૮
૨ હજંઘ્રેમ્ મએષીનાંમ્—દએનુનાંમ્ પઇતિ—પુથ્રનાંમ્ નરાંમ્ અષઓનાંમ્ અષય વંઘ્હુય ઉરૂને પર—દઇથ્યાત્ અએવહે હાતાંમ્ ચિન્માને યત્ અષહે વહિશ્તહે.	૫૦
૩ ક્ષ્વશ્તીમ્ મઇદયોષ્મહે તિશ્તયેહે દથુષો.	૫૨
૪ હજંઘ્રેમ્ ગવામ્—દએનુનાંમ્ પઇતિ—પુથ્રનાંમ્ નરાંમ્ અષઓનાંમ્ અષય વંઘ્હુય ઉરૂને પર—દઇથ્યાત્ અએવહે હાતાંમ્ ચિન્માને યત્ અષહે વહિશ્તહે.	૫૪

૫	પંચાચ-હપ્તાઇતીમ્ પઇતિશહહચેહે ક્ષથ્રહે-વઇર્યેહે અનઘ્રનાંમ્.	૫૬
૬	હજંઘ્રેમ્ અસ્પનાંમ્-દએનુનાંમ્ પઇતિ-પુથ્રનાંમ્ નરાંમ્ અષઓનાંમ્ અષય વંઘ્હુય ઉરૂને પર-દઇથ્યાત્ અએવહે હાતાંમ્ ચિન્માને યત્ અષહે વહિશ્તહે.	૫૮
૭	થ્રિસતેમ્ અયાથ્રેમહે મિથ્રહે અનઘ્રનામ્.	૬૦
૮	હજંઘ્રેમ્ ઉશ્તનાંમ્-દએનુનાંમ્ પઇતિ-પુથ્રનાંમ્ નરાંમ્ અષઓનાંમ્ અષય વંઘ્હુય ઉરૂને પર-દઇથ્યાત્ અએવહે હાતાંમ્ ચિન્માને યત્ અષહે વહિશ્તહે.	૬૨
૯	અશ્તાઇતીમ્ મઇદ્યાર્યેહે દથુષો વેરેથ્રઘ્રહે.	૬૨
૧૦	હજંઘ્રેમ્ કંઘ્હાઓસ્ચિત્ વાંથ્વનાંમ્ નરાંમ્ અષઓનાંમ્ અષય વંઘ્હુય ઉરૂને પર-દઇથ્યાત્ અએવહે હાતાંમ્ ચિન્માને યત્ અષહે વહિશ્તહે.	૬૪

આ અવસ્તા અસલ નસ્કમાંથીજ દસ્તુર સાહેબ આદરબાદ મારેસ્પંદે લીધેલા છે, અને તેબી મોટો ભાગ "હાદોખ્ત-નસ્ક"માંથી લીધો છે. જે પ્રમાણે હાલના બચી રહેલા અવસ્તાનો કેટલોક ભાગ પાજંદ આફરીનોમાં વણી લેવામાં

આવેલો છે તેજ પ્રમાણે જે અવસ્તા આપણી પાસે બચી રહેવા પામ્યા નથી તેમાંનો કેટલોક ભાગ આવી રીતે આફ્રીનમાં વણી લેવામાં આવ્યો છે; અને તેટલામાટે જે ૨૧ નસ્ક વખ્શુરે વખ્શુરાન સાહેબે અવસ્તાના આપેલા છે તે અસલજ અવસ્તા આ પાજંદ આફ્રીનોમાં વણી લેવામાં આવેલા છે એ બીના આપણે બેશક ખાતરીથી માનીશુ. દસ્તુરાન દસ્તુર આદરબાદ મારેસ્પંદ સાહેબ કે જેવણ અવસ્તા માંથ્ર, મીથ્ર તથા સ્તોત યસ્નના કાયદા પોતાની અશોઇની અમલ્યાતને લીધે સમજતા હતા તેવણ સાહેબ અવસ્તા માંથ્ર સાથે ચેડાં કહાડે અને હાલના કેટલાક અવસ્તા અભ્યાસીઓ તથા દસ્તુર સાહેબોની માફક જે ગમે તે રીતના નવા અવસ્તા ઉપજાવે એ વાત માની શકાયજ નહી. "અવસ્તા" કલામની ખુબી આગલા અશોઇ પરહેજગારી સાથે ખરૂં ઇલ્મ્યત ધરાવનારા દસ્તુર સાહેબો બરાબર પીછાણતા હતા, અને હાલ જમાનના લોકોની માફક સર અવસરે જે ગમે તે નવા અવસ્તા જોડીને ગેરઇલ્મ્યતનું કામ કરવાનું તેઓ મોટો ગુનાહ સમજતા હતા.

ગાહમ્બારની આફ્રીન વિષે એક ખાસ નોંધ કરવાની અત્રે જરૂર છે. ગાહમ્બારની આફ્રીનમાં જેમ ગાહમ્બારનાં આફ્રીન્ગાનમાંના વાકય વણી લેવામાં આવેલા છે તેજ પ્રમાણે હાદોખ્ત જેવાં નસ્કની અંદરથી બી અસલ અવસ્તાનાં વાકયો લેવામાં

આવ્યાં છે જેની શાહદત હાલ તે અવસ્તા ગુમાઇ ગયલા હોવાને લીધે આપણે આપી શકતા નથી. છતાં તેની અસ-લ્યાતને તેથી કશી અલવલ આવતી નથી. એ અવસ્તા ઉપરથી આપણને એક અગત્યની બાબદ જાણવાની મળે છે, જે દરેક ગાહમ્બારના બર-વક્તના હીંગામ તથા તેઓના ચોકસ મહીનાઓ સાથના ઘાડા તાલુકા વીષે છે, અને એ અસલ અવસ્તા આપણને શીખવે છે કે—

૧ લો મઇદયોજરેમ ગાહમ્બાર હમેશાં અરદીબહેશ્ત મહીનાના ખોરશેદ રોજે શરૂ થાય છે, અને વરસની શરૂઆ-તથી ગણતાં ૪૫ મે દીવસે એટલે દએ-પ-મહેર રોજે આખર થાય છે.

૨ જો મઇદયોશહેમ ગાહમ્બાર હમેશાં તીર મહીનાના ખોરશેદ રોજે શરૂ થાય છે, અને પહેલા ગાહમ્બા-રના છેલ્લા દીવસ પછીના ૬૦ મે દીવસે એટલે દએ-પ-મહેર રોજે આખર થાય છે.

૩ જો પઇતિશહેમ ગાહમ્બાર હમેશાં શહેરેવર મહીનાના આશ્તાદ રોજે શરૂ થાય છે અને બીજા ગાહમ્બારના છેલ્લા દીવસ પછીના ૭૫ મે દીવસે એટલે અનેરાન રોજે આખર થાય છે.

૪ થો અયાથ્રેમ ગાહમ્બાર હમેશાં મહેર મહીનાના આશ્તાદ રોજે શરૂ થાય છે, અને ત્રીજા ગાહમ્બારના છેલ્લા

દીવસ પછીના ૩૦ મે દીવસે એટલે અનેરાન રોજે આખર થાય છે.

૫ મો મઇદયારેમ ગાહમ્બાર હમેશાં દએ મહીનાના મેહેર રોજે શરૂ થાય છે અને ચોથા ગાહમ્બારના છેલ્લા દીવસ પછીના ૭૦ મે દીવસે એટલે બેહરામ રોજે આખર થાય છે.

૬ ઠો હમસ્પથમએદેમ ગાહમ્બાર હમેશા સ્પંદારમદ મહીનાના અહુનવદ ગાથાને દીવસે શરૂ થાય છે, અને પાંચમાં ગાહમ્બારના છેલ્લા દીવસ પછી ૭૫ મે દીવસે એટલે વહિશ્તોયશ્ત ગાથાને દીવસે આખર થાય છે.

આ રીતે ૪૫, ૬૦, ૭૫, ૩૦, ૮૦, ૭૫, એ બધા દીવસોનો સરવાળો ૩૬૫ થાય છે, એટલે કે એક વરસમાં એ છ ગાહામ્બારોના હીંગામ—નવાં વરસ જમશેદી નવરોજથી ગણતાં ૪૫ મે દહાડે પહેલો ગાહામ્બાર પુરો થાય છે; પહેલા ગાહામ્બારથી ગણતાં ૬૦ મે દહાડે બીજો ગાહામ્બાર પુરો થાય છે; બીજા ગાહામ્બારથી ગણતાં ૭૫ મે દીવસે ત્રીજો ગાહામ્બાર આખર થાય છે; ત્રીજા ગાહામ્બારથી ગણતાં ૩૦ મે દીવસે ચોથો ગાહામ્બાર પુરો થાય છે; ચોથા ગાહામ્બારથી ગણતાં ૮૦ મે દીવસે પાંચમો ગાહામ્બાર પુરો થાય છે; અને પાંચમા ગાહામ્બારથી ગણતાં ૭૫ મે દીવસે છઠો ગાહામ્બાર આખર થાય છે,—એ પ્રમાણે ફસલોના હીંગામ ચાલુ

આવ્યા કરે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો વરસનો ૪૫ મો દીવસ પહેલો મઇદયોજરેમ ગાહામ્બાર પુરો કરેછે; વરસનો ૧૦૫ મો દિવસ બીજો મઇદયોશહેમ માહામ્બાર પુરો કરે છે, વરસનો ૧૮૦ મો દીવસ ત્રીજો પઇતિશહેમ ગાહામ્બાર ખલાસ કરે છે, વરસનો ૨૧૦ મો દીવસ ચોથો અયાથ્રેમ ગાહમ્બાર આખર કરે છે, વરસનો ૨૯૦ મો દીવસ પાંચમો મઇદયારેમ ગાહામ્બાર પુરો કરે છે, વરસનો ૩૬૫ મો દીવસ છઠ્ઠો હમસ્પથમએદેમ ગાહામ્બાર પુરો કરે છે.

આવી રીતે, પાજંદ આફરીનમાં મઢી લીધેલા ખુદ અસલ **અવસ્તા** આપણા બુલંદ ગાહામ્બારોનું તથા તેઓ કયા મહીના અને રોજે પડે છે તેનું કેલેન્ડર ગોઠવી આપે છે અને તેમાં ફેરફાર કરવાનો કોઇને કશો અધીકાર નથી.

આ ઉપરથી આટલું તો અસલ અવસ્તા માંથ્રના કલામોને આધારે સાબેત થાય છે કે ફ્રવરદીન મહીનાના હોરમજદ રોજથીજ જરથોશ્તી નવું સાલ મુબારક જે વખતે બુરૂજે હમલ યાને મેષ રાશીમાં શમ્સ યાને ખુરશેદ દાખલ થાય છે તે બર-વખતથી ગણાવું જોઇએ, તોજ અરદીબહેશ્ત મહીનાનો દએપમહેર રોજ ૪૫ મો દીવસ આફરીનની અવસ્તા શાહદત સાથે ઉપર જોઇ ગયા તે મુજબ મઇદયોઝરેમ યાને તરો તાઝગી તથા વસંતની લીલા લહેર સાથનો આવી શકે. આ અવસ્તાની શાહદત જરથોશ્તી

કેલેન્ડર માટે તદન પુરતી છે. ફ્રવર્દીન મહીના સીવાય વરસનો પહેલો મહીનો બીજો કોઈ કદી હોઈ શકે નહીં તેની ગાહમ્બારની આફ્રીન અચુક સાબેતી પુરે છે. આટલું યાદ રાખવું કે જરથોશ્તી દએનમાં બારે મહીનાનાં નામો તથા ત્રીસે રોજનાં નામો દરેક અમશાસ્પંદો, મીનો, દએ, યજદો વગેરે જે જે ખીશ્કારી કુદરતમાં બજાવે છે તે ખીશ્કારીને આધારે ચોકસ કુદરતના અનુક્રમ (order)માં ગોઠવાયલા છે, અને એ અનુક્રમ પણ "પાજગ" નસ્ક યાને અવસ્તા "અષાત" નસ્ક કે જેમાં ત્રીસે રોજ તથા બારે મહીનાની તાવીલ આપેલી છે તેની ઉપરથીજ લેવામાં આવ્યા છે, જેની ગાહામ્બારોના અનુક્રમ માટેની ગવાહી ખુદ પાજંદ આફ્રીનમાં તથા પાંચે ગાહામ્બારોને કયા મહીનાઓ સાથે ટાંકેલા છે તેની ગવાહી અસલ અવસ્તાની શાહદત પુરી પાડે છે.

આ નાની કેતાબમાં નીચે મુજબ સાત આફ્રીનો ગુજરાતી શુદ્ધ હરૂફે સમાવવામાં આવી છે:—

૧ આફ્રીન્-ઇ-અર્દાફ્રવષ્

૨ આફ્રીન્-બા-નામે ખુજોર્ગાન્ યાને
આફ્રીન્-ઇ-દહ્માન્

૩ આફ્રીન્-ઇ-હફ્ત્ અમ્શાસ્પંદ્ યાને
આફ્રીન્-ઇ-હમ્કાર્

૪ આફ્રીન્-ઇ-ગાહામ્બાર્

૫ આફ્રીન્-ઇ-રપીથ્વન્
૬ આફ્રીન્-ઇ-મ્યજ્દ્
૭ આફ્રીન્-ઇ-પાવ-ઇ ગાહામ્બાર્ યાને આફ્રીન-ઇ-ગાહામ્બાર ચાશ્ની

વળી આફ્રીનો ઉપરાંત **તે સાહેબ**નાં ૧૦૧ ઇસમ યાને નામો શુદ્ધ ઉચ્ચારે તેના ગુજરાતી અર્થો સાથે આપવામાં આવ્યાં છે. આ ૧૦૧ નામોના અર્થો બને ત્યાં સુધી શબ્દાર્થને આધારેજ આપવાની કોશેશ કરવામાં આવી છે, અને દરેક ઇસમનો બુલંદી ભરેલો બાતેન અર્થ શું છે તે હાલમાં આપણે સમજી શકતાં નથી; તેટલા માટે જે જે ઇસમનો શબ્દાર્થ પણ સમજ પડ્યો નથી તે ઇસમના અર્થ આપવામાં આવ્યા નથી. વળી આ ઇસમો પણ અસલ અવસ્તા ઉપરથીજ લેવામાં આવ્યા છે, તે બતાવવા કાજે જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં આ ઇસમને લગભગ મળતો આવતો અવસ્તા શબ્દ પણ આપવાની કોશેશ કરવામાં આવી છે.

આ પાઝંદ આફ્રીનના ભણતરોનો તરજુમો અવસ્તા તથા પહેલવીનાં જ્ઞાનને આધારે મેં કર્યો છે. અવસ્તા તથા પહેલવી ભાષાઓનો જે અભ્યાસ મુલ્લાં ફીરોજ મદરેસામાં મેં યુનીવરસીટીની પરીક્ષાઓની બીજી ભાષા તરીકે કર્યો હતો તે પાંચ વરસના અભ્યાસ પછી હજીબી મેં અવસ્તા તથા પહેલવી સાહીત્યનો અભ્યાસ આજે અગ્યાર વરસ

થયાં ચાલુ રાખ્યો છે; અને તેટલા માટે આ તરજુમો કરવા માટેનું એક સાધન અવસ્તા પહેલવીનું ભાષાશાત્રનું જ્ઞાન છે. પણ આ આપણો અનુભવ છે કે ફક્ત અવસ્તા પહેલવી ભાષાશાસ્ત્રનાં જ્ઞાનથી જરથોશ્તી ધર્મ તથા ક્રીયાઓને લગતી ભેદી બાબદો કોઇબી સમજાવી શકયું નથી, કારણકે અવસ્તા "સ્તોત યસ્ન" ને કાયદે રચવામાં આવેલા છે અને તેથી ગાથામાં જણાવેલા "રાઝેંગ" યાને રમ્જ એટલે ભેદમાં તેના અર્થો રહેલા છે, કે જે અર્થો ફક્ત "સ્તોત યસ્ન"ના કાયદા જાણીને તે કાયદાથીજ સમજી શકાય છે. એજ પ્રમાણે પહેલવી તથા પાઝંદ જે અવસ્તા ઉપરથી લેવામાં આવેલું છે તે પણ અસલ અવસ્તાના રમ્જ પોતાની અંદર સમાવેછે, અને તેટલા માટે જરથોશ્તી ધર્મનાં તથા ક્રીયાઓ બાબેના ખાસ વિશેષ જ્ઞાન વગર તરજુમાઓ ફક્ત ભાષાશાસ્ત્રને આધારે વાજબી અને દીલપઝીર થઇ શકતા નથી. આવી રીતનું ખાસ જ્ઞાન ગાથાનાં ૪૮તથા ૫૩મા હામાં જણાવેલાં "ક્ષ્નૂમ" યાને હોરમજદી ખુશાલી આપનારૂં એટલે કે હોરમજદના કાયદાઓને બારીકીથી પીછાણવા તથા મજદયસ્ની અને જરથોશ્તી દએનના સૃષ્ટિ રચનાના તથા સૃષ્ટિને હસ્તી તરફ આગળ વધારવાના મ્હાન કાયદાઓ બરાબર રીતે સમજાવનારૂં જ્ઞાન છે, કે જે "ક્ષ્નૂમ"ના સામાન્ય જ્ઞાનના એક કતરાની મદદથી આ આફ્રીનના તરજુમાઓ કરવામાં મને ઘણી સવળતા થઇ પડી છે, કેમ જે "ક્ષ્નૂમ"ના જ્ઞા-

નની મદદથી અસલ જરથોશ્તી સરશોક યાને અર્ક (spirit) જળવાઈ શકાય છે. જેઓએ હીંદુ ધર્મશાસ્ત્ર શીખીને ગાથાનો તરજુમો સમજાવ્યો છે તેઓએ આપણને ગાથામાંથી હીંદુ ધર્મશાસ્ત્રના વીચારોના ચોકઠાં બેસાડીને પોતાને ગમે તે વીચારો સમજાવવાની કોશેશ કરીછે એવી આપણો અનુભવ છે, અને તેટલા માટે અવસ્તા, પહેલવી, પાઝંદ ઉકળાવતી વખતે ક્યા ચશ્માથી તેને જોવામાં આવે છે તે એક ઘણીજ અગત્યની બાબદ છે. જ્યારે આપણને આપણી પોતાની અસલ બાતેન લાઇન યાને "ક્ષ્નૂમ" ખુદાની મહેરબાનીથી મળવા માંડ્યું છે તે વખતે હવે આપણને બીજાઓનો આશરો લેવાની જરૂર નથી, એમ હવે સિદ્ધ થઈ ચુકયું છે. દીન-કર્દ જેવી પહેલવી કેતાબનો તરજુમો કરતી વખતે બી મેં પોતે અનુભવેલું છે કે જરથોશ્તી ઇલ્મે "ક્ષ્નુમ"ના જ્ઞાનની દરેક અવસ્તા પહેલવી ભાષા શાસ્ત્રના અભ્યાસીને બહુજ જરૂર છે કેમ જે "ક્ષ્નૂમ"નાં જ્ઞાનની મદદથી દરેક શબ્દ તથા વાક્યના અસલ (underlying) વીચારો જોઇ લેવામાં ઘણી સવળતા થઈ પડે છે. અને આવી જાતિ-સૂચના (self-suggestion) તરજુમો કરનાર માટે ઘણી અગત્યની ચીજ છે પણ તે જાતિ-સૂચનાનો પાયો વાજબી દીશાએથીજ ઉભો થયલો હોવો જોઇએ. આવો લાયક પાયો યાને જરથોશ્તી દએનની ઉસુલ્યાતી ચાવી જે "ક્ષ્નૂમ"

તરીકે ગાથામાં ઓળખાવેલી છે તે ક્ષ્નૂમનાં જ્ઞાનનો કતરો ચખાડવા માટે મારા માનવંત ઉસ્તાદ સાહેબ મી૦બહેરામશાહ નવરોજી શરાફનો હું હમેશનો આભારી થયો છું, અને આ આભારની લાગણી આ નાની કેતાબમાં દર્શાવવાને રજા લઉંછુ.

જે વખતે આ "આફરીન"નાં ભણતરોનો તરજુમો હું કરતો હતો તે વખતે બહેશ્ત–બ્હેરે એરવદ કાવસજી એદલજી કાંગાની ખોરદેહ અવસ્તા બા માએનીની આઠમી આવૃત્તિ છપાતી હતી, અને તે વખતે મારા ભલા મીત્ર મી. પેસ્તનજી કાવસજી કાંગાએ આ "આફરીન બા માએની" પોતાના મરહુમ પીતાની ચોપડીમાં લેવાની ખાહેશ બતાવવાથી મેં તેવણને એ આવૃત્તિમાં તેમ કરવા દેવાની ખુશી બતાવી હતી, અને આ રીતે પાઝંદ "આફરીન બા માએની" બહેશ્ત–બહેરે એરવદ કાંગાની ચોપડીમાં આ આઠમી આવૃત્તિમાં જળવાઈ રહેશે.

આ નાની કેતાબ બહાર પાડતી વખતે જે ભાઈઓએ મને ચોપડીની ઢપછપ બાબે સૂચનાઓ કરી હતી તથા પ્રુફ તપાસવામાં મદદ કરી હતી તે બધાઓનો ઉપકાર માનુંછું, અને આ ચોપડીનાં વેચાણમાંથી ખર્ચ બાદ કર્‌યા પછી જે કંઈ આવક રહે તે સરખે ભાગે પારસી કોમમાં મુંગે મહોંડે અને મકકમપણે પોતાના ખુદાની મહેરબાનીથી પોતપોતાની

કુદરતે સોંપી આપેલી ખીશ્કારી બજાવનારાં બે ખાતાંઓ—"જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુત" તથા "ધી પારસી વેજીટેરીયન એન્ડ ટેમ્પરન્સ સોસાયટી"—ની અંદર આપી દેવામાં આવશે.

આફ્રીનનાં ભણતરે ભણવા બાબે સુચના.

જરથોશ્તી દએનની અંદર "બર–વક્ત" યાને વખતસરની (opportune) બંદગીની ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલું છે, અને "રતુ–ક્રિતિ" યાને વખતસરની બંદગી તથા "પઇતિ–ફ્રસાઓ" યાને બંદગીને લગતા સવાલ જવાબના કાયદાઓ ખાસ સમજાવવામાં આવેલા છે. એજ કાયદાઓ ને આધારે પાંચ ગેહની જુદી જુદી બંદગી, દીવસની તથા રાતની જુદી જુદી બંદગી, "હામીન" યાને ઉનાળો તથા "જમે-સ્નાન" યાને ઠંડીની મોસમમાં શમ્સના સ્વા જે જુદી જુદી રીતે પૃથ્વી ઉપર પડે છે, તે સ્વાની જુદી જુદી "અસ્પંદી" યાને જોશ (intensity)ના પ્રમાણ પ્રમાણે બેઉ રૂતુના વખતો માટે જુદાં જુદાં ભણતરો, તથા દરેક જુદા જુદા પ્રસંગોની જુદી જુદી "મીથ્ર" તથા "માંથ્ર" ને કાયદે આવતી અસરો મુજબના ખાસ તે પ્રસંગોને અનુસરતાં ભણ-તરો—આપવામાં આવેલાં છે.

એજ કાયદાઓને આધારે "આફરીન"નાં જુદાં જુદાં ભણતરો તેના લાયક–વખત ઉપરજ ભણાવાં જોઇએ છે,

અને તોજ "સ્તોત" તથા "માંથ્ર" ને કાયદે તેની લાયક અસર આફ્રીન્ગાનની ક્રીયામાં ઉપજાવી શકાય છે. એજ "બર-વક્ત"ના કાયદા ઉપર ધ્યાન ખેંચવાની મતલબથીજ આ સુચના* નીચે મુજબ આપવામાં આવી છેઃ—

(૧) **"અનુશેહ રવાન"** યાને અહીંથી ગુજર પામેલાં ઉરવનને અણદીઠ આલમમાં આગળ વધારવાની ક્રીયાનાં આફ્રીંન્ગાનના સીલસીલાની પછવાડે—આફ્રીન–ઇ–અરદાફ્રવષ+આફ્રીન–બા–નામે–બુઝોર્ગાંન+આફ્રીન–ઈ–હફ્ત–અમેશાસ્પંદ, આ ત્રણે આફ્રીનો સામટી ભણવી જોઈએ.

(૨) **"જંદેહ રવાન"** યાને ખનીરથબામી ઉપર આ દુન્યામાં હૈયાતી ભોગવનારાં ઉરવનની વૃદ્ધિ માટે "જશન ક્રીયા" "ફરેસ્તા", યા જંદેહરવાનનાં આફ્રીન્ગાંનના સીલસીલાની પછવાડે પણ—આફ્રીન–ઇ–અરદાફ્રવષ+આફ્રીન–બા–નામે–બુઝોર્ગાંન+આફ્રીન–ઇ–હફ્ત–અમશાસ્પંદ, આ ત્રણે આફ્રીનો સામટી ભણવી જોઇએ.

(૩) "શશ ગાહામ્બાર–ઇ–ફસલ" યાને ફસલના વરસના છ ગાહામ્બારો ઉપર દરેક જુદા જુદા ગાહામ્બાર વખતે તે ગાહામ્બારને લગતાં આફ્રીંન્ગાનનો આખો સીલસીલો પુરો કરવા પછી,—"અનુશેહ રવાન" યા "જંદેહ રવાન' ગમે તેને નામનું આફ્રીંન્ગાન હોય તે પુરૂં કરવા પછી—

---

* જુઓ **ફ્રશો-ગર્દ** પુ. ૪ અંક ૨ પાનું ૧૪૯.

આફ્રીન-ઈ-અરદાફ્રવષ+આફ્રીન-બા-નામે-બુઝોર્ગાન+ આફરીન-ઈ-ગાહામ્બાર, આ ત્રણે આફરીનો સામટી ભણવી જોઇએ.

(૪) "ફસલ-ઈ-રપીથ્વન" યાને રપીથ્વનના ખાસ હીંગામ ઉપર રપીથ્વન ગેહમાંજ રપીથ્વનના આફ્રીંગાનનો આખો સીલસીલો પુરો કર્યા પછી—"અનુશેહ રવાન" યા "જંદેહ રવાન" ગમે તેને નામનું આફ્રીંન્ગાન હોય તે પુરૂં કરવા પછી—આફ્રીન-ઈ-અરદાફ્રવષ+આફ્રીન-બા-નામે-બુઝોર્ગાન+આફ્રીન-ઈ-રપીથ્વન, આ ત્રણે આફ્રીનોનો સીલસીલો સામટો ભણવો જોઇએ, અને હાલમાં જે ગમે તે વખતે અને જે ગમે તે આફ્રીન્ગાન વખતે રપીથ્વનની આફ્રીન ભણવામાં આવે છે તેમ થવું જોઇતું નથી, કારણકે આપણા ભણતરો "બર-વક્ત", "મીથ્ર" તથા "માંથ્ર"ના કાયદા ઉપરજ રચાયલાં છે.

(૫) "આફ્રીન-ઇ-ગાહમ્બાર ચાશની" અથવા "આફ્રીન-ઇ-પાવ-ઈ-ગાહામ્બાર" કોઇબી આફ્રીંન્ગાનની પછવાડે ભણવામાં આવતી નથી. પણ ગાહામ્બારની બાજ ઇંજયા પછી જે "ગાહામ્બારની પાવી" ને નામની ક્રીયા બાજ ધરનાર યઓજદાથ્રેગર મોબેદ "પાવ" કીધેલું યાને ચોકસ "સ્તોત"થી ભરપુર કીધેલું ચોખ્ખું કુવાનું પાણી લઇને મોબેદ સાહેબોની મજલેસમાં આવીને કરેછે, તે અનુ-

શેહરવાન યા જંદેહરવાનની ગાહામ્બારની પાવીની ક્રીયા વખતેજ આ આફરીન ભણવામાં આવે છે.

(૬) "આફ્રીન–ઇ–મ્યજદ" નામની આફરીન કોઈબી સાધારણ વખતે "અનુશેહ રવાન" યા "જંદેહ રવાન"ની ક્રીયા વખતે ભણવામાં આવતી નથી. પણ એ આફરીન તો ખાસ ચોકસ અસાધારણ ક્રીયા વખતેજ ભણવામાં આવે છે. જરથોશ્તી દએનની ઇલ્મ્યત ધરાવનાર આલેમ તથા આમેલ સ્રોષાવરેજ ઉસ્તાદ સાહેબ પોતાના શાગેર્દોને ઇલ્મ્યતની અંદર આગળ વધારવા માટે તથા ચોકસ દરજાામાં અણદીઠ શક્તિઓ "ચખ્રો" મારફતે ખીલવી આપવાને વાસ્તે ત્રણ કરદાના આફ્રીંન્ગાનની ક્રીયા ઉસ્તાદ સાહેબ પોતે "જઓ઼તા," તરીકે, અને તેવણની સાથે તેવણના નાયબ "આતરવક્ષ" તરીકે હમાઝ઼ોર થઇને કરે છે, કે જે કરદાઓ હાલમાં હયાં આપણી પાસે બચી રહેલા અવસ્તામાં મોજુદ નથી. આ "મ્યજ઼દ"નું આફ્રીન્ગાન વળી ઉસ્તાદ સાહેબને લાયકના મુબારક હીંગામો ઉપર આવકાર આપવાના મેળાવડામાં જે જશનની ક્રીયા કરવામાં આવેછે તે વખતે પણ ભણવામાં આવે છે. અને આવી રીતના બે કારણો સર ભણાતાં "મ્યજદ"ના આફ્રીંન્ગાન પછી "આફરીન–ઇ–મ્યજદ" ભણાવી જોઇએ.

(૭) "ખીશ યજશ્ને કર્દ હોમ" "દરૂન યશ્ત હોમ"—આ શબ્દો

બાબે ધ્યાન આપવાની જરૂર છે. આફ્રીન-ઈ-અરદાફ્રવષ પાનું ૧૦; આફ્રીન-ઈ-ગાહામ્બાર પાનું ૪૪; આફ્રીન-ઈ-ગાહામ્બાર ચાશ્નની પાનું ૧૨૦; એ જગ્યાએ આ બે ઉપલાં વાક્યો આવે છે તે જો આફ્રીંન્ગાન ભણનાર શખ્સે પોતે તેજ દીવસે તેજ નામે ઇજશ્નને કીધી હોય, દરૂનની બાજ ઇજી હોય, અને પછી આફ્રીંન્ગાન કરવા બેઠા હોય તો એ બે વાક્ય આફ્રીંન્ગાનના મંડાણ વખતે તેમજ ઉપર જણાવેલી આફરીનોમાં ભણી શકાય; અને નહી તો હાલમાં જેમ મોટે ભાગે બને છે તેમ ઇજશ્નને કર્યાં વગર અને દરૂનની બાજ ધર્યા વગર કોઈ બીજા શખ્સ આફ્રીન્ગાન કરે તો ઉપલાં બે વાક્યો આફ્રીન્ગાન તેમજ આફ્રીનનાં ભણતરો-માંથી કહાડી નાંખીનેજ ભણવું; કેમજે નહી તો કે જુઠું બોલેલું કહેવાય.

આટલી સુચનાઓ હયાં પુરતી થઈ પડશે. આફ્રીનના ભણતરો બાબે વધુ ખુલાસા મેળવવા માટે "ફ્રશો-ગર્દ"ના જે જે અંકોમાં એ બાબદ આવી હોય તે અંકો વાંચવાને માટે દીનદાર વાંચનારાંઓને અરજ કરવામાં આવે છે.

આ પ્રમાણે જે અગત્યની બાબદો પાજંદ આફરીન તથા પાજંદ ભણતરોને લગતી હતી તેનો ઘટતો ખુલાસો કર્યા પછી, મુજના ખુદાની મારેફતથી પેદા કરનાર દાદાર

હોરમજદ સાહેબના શુક્ર ગુજારી, વખ્શુરે વખ્શુરાંન રન્જગો અશો સ્પિતમાન જરાતોશ્ત સાહેબના બુલંદ આષીર્વાદ ચાહીને, આ દીબાચો ખતમ કરૂં છું !

૧૦૮, ચંદનવાડી પોસ્ટ નં. ૨, મુંબઈ, નવેમ્બર ૧૯૧૬. } ફીરોજ શાપુરજી મસાની.

સાંકળ્યું.

પાનું

નજ઼ર-નામેહ

યાને

અર્પણ-પત્રિકા. (Dedication)

"પ આંન્ દીન્ દસ્તુર્ એસ્ત્ હોમ્, ઇન્ અહુર્-મજ઼દ્ જ઼ર્તોશ્ત્ ચાશ્ત, જ઼ર્તોશ્ત્ ઓએ ગુશ્તાસ્પ; પ પેવંદ્ આદર્બાદ્ મારાસ્પંદાંન્ મદ્; પદશ્ પસાખ્ત્ કર્દ્ ઓખ્ત્."—પતેત પશેમાની કરદો ૧૨.

"તે દીનના ફરમાન ઉપર હું ઉસ્તવાર છેઉં, કે જે દીન હોરમજદે જરતોશ્ત (પએગામ્બર સાહેબ) ને ચખાડી, અને (અશો) જરતોશ્ત (સાહેબે) ગુ-શ્તાસ્પ (પાદશાહ)ને શીખવી, અને જે પેવંદ યાને સીલસીલાથી (યાને અશો જરતોશ્ત સાહેબ તથા પાદશાહ કએ ગુશ્તાસ્પની ઓલાદથી) આદરબાદ મારેસ્પંદ આંવ્યા તેવણની મારફતે દીન સમારવામાં આવી તથા અસલ ખાલેસ હાલતમાં લાવવામાં આવી."

દરેકે દરેક હમદીન ઉપલા પતેતના ૫કરામાં જે એક મ્હાન આબેદ નર—**દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ**નું નામ આવે છે તે યાદ રાખવા લાયક નામથી જાણીતા હશે. એ દસ્તુરાંન દસ્તુર સાહેબ આદરબાદ મારેસ્પંદ પોતે અશોઈની અમલ્યાતવાળા હતા; અને અશોઈભરેલી જીંદગી ગુજારનાર હોવાને લીધે અસલ માજ્દયસ્ની જરતોશ્તી દએનના ઇલ્મથી પુર માહીતગાર તથા વાકેફગાર હતા. તેવણ સાહેબ સાસાની વંશના પાદશાહ શાપુરશાહ હોરમજ્દના વખતમાં (ઇ. સ. ૩૦૮ થી ૩૭૯ ની વચ્ચે) આશરે ૧૬૦૦ વરસની વાત ઉપર થઈ ગયા છે, અને તેવણ સાહેબે જરથોશ્તી દીનના કેટલાંક મોતેબર ફરમાનો જે જમાનાની ગરદેશને લીધે ભુલાઈ ગયાં હતાં તે પાછાં સમજાવીને દીનને ફરીથી એક વાર તાજી કરી હતી. તેવણ સાહેબનું પહેલવીમાં લખાયલું " પંદ નામું " યાને નસીહત નામું—ઘણી ઇલ્મ્યતથી ભરપુર જાણીતી કેતાબ—હજીબી પહેલવી અભ્યા-

સીઓમાં જાણીતી છે. તેવણ સાહેબે આપણી દીનના ભુલાઈ ગયલાં કેટલાંએક મોતેબર ફરમાનો પાછાં સજીવન કરતી વખતે પોતાની અશોઈની શક્તિથી કેટલાએક મોજેજા કરી બતાવ્યા હતા; અને એ રીતે તે વખતના હમદીનોની અંદર જરથોશ્તી દીન બાબેનો એતેકાદ ઘણો મજબુત રીતે વધારી આપ્યો હતો. તેવણ સાહેબે ઘણાએક અગત્યના ફરમાનો પાછાં સજીવન કરતી વખતે અસલ જરથોશ્તી દએનનો જે "મીશ્ર" યાને વિચારને લગતો બુલંદ કાયદો હતો તે કાયદો ઘણોજ સરસ રીતે આપણને સાચવેલી હાલતમાં કાયમ કરી આપ્યો છે. ફરજયાત અવસ્તા બંદગી તેમજ ક્રીયાઓનાં ભણતરો સાથે હમેશાં તેને લાયકના "મીશ્ર" યાને વિચારો ચાલુ રાખવાનો અસલ જરથોશ્તી કાયદો તેવણ સાહેબ બરાબર સમજતા હતા, અને જડવાદી જમાનામાં "મીશ્ર" લાયક મરતબામાં લોકો નહી કરી શકશે, કારણ કે લોકો અશોઈની તરીકત યાને કાયદાઓ અમલમાં નહી મુકશે

એવી આગાહી અગાઉથી પામી જઈને તેવણ સાહેબે તે તમામ "મીથ્ર" નો જમીલો "પાજંદ ભણતરો" રચીને સાચવી આપ્યો છે. આ પાજંદ ભણતરો જોડવામાટે પણ તેવણ સાહેબમાં ખાસ શક્તિ હતી, કારણ કે તેવણ દીન–કર્દ નામની પહેલવી કેતાબમાં જણાવ્યું છે તેમ એક "જરથુશ્તોતેમો" યાને પએગામ્બર સાહેબના જાયનશીન તરીકેનો મરતબો ધરાવર્તા હતા, અને પોતાની અશોઈના અમલને લીધે, વખ્શુરે વખ્શુરાંન સાહેબે શીખવેલો "સ્તોત યસ્ન" યાને અવાજની ધ્વનીથી ઉત્પન્ન થતા રંગોનો કુદરતનો કાયદો કે જે કાયદાને આધારે તમામ અવસ્તા માંથ્ર રચવામાં આવેલા છે, તે બુલંદ કાયદો બરાબર સમજી શકતા હતા, અને આ "સ્તોત"ના કાયદાના ઇલ્મથીજ અને પોતાની અશોઈનાં બળથીજ તેવણ સાહેબે "પાજંદ નીરંગો, સેતાયશો, આફરીનો" વગેરે તમામ પાજંદ ભણતરો રચ્યાં હતાં. આ પાજંદ ભણતરો હાલમાં આપણા અસલ અવસ્તાનાં ૨૧ નુસ્કમાંથી બચવા

પામેલાં ઘણાજ જુજ ૧/૨ જેટલા મોજુદ અવસ્તા ભણતરો સાથે ઘણાજ કીમતી અને મદદગાર થઈ પડ્યાં છે. એવી રીતના કીમતી બુલંદ ભણતરો—અસલ દીની મીશ્રને સાચવી રાખનારાં જવાહીરોનો ખજાનો—આપણી ઉપર પાજંદ ભાષામાં બખશવાને માટે હાલ જમાનના આપણ દરેક બસ્તે કુસ્તીઆંનો તેવણ સાહેબના ઘણાજ એહેશાનમંદ થયાં છીએ!—અને આ તેવણ દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ જેવા આમેલ, ફાજેલ, આલેમ અને કામેલ આબેદ સાહેબ તરફના સંપુર્ણ માન, જાનફેશાની તથા એહેશાનની લાગણી ખાલેસ દીલથી અંતઃકરણપૂર્વક રીતે મીશ્રને કાયદે દર્શાવવાને ખાતર આ "પાજંદ આફરીન બા માએની" ની નાની કેતાબ ઘણીજ ખાકસારીથી તેવણના આબેદ નામની સાથે જોડી તેવણને નજર કરવાની યાને અર્પણ કરવાની રજા લઊં છું!

આમીન!

આફ્રીનૂ-ઈ-અર્દાફ્રવષ્.

અરદાફ્રવષ ની આફ્રીન.

(૧) હમા-જોરૂ[૧] બાદ[૨]! હમા-જોરૂ[૩] હમા-અશો[૪] બાદ[૫]!

હમા-જોરૂ[૬] હમા-નેકી[૭] બાદ[૮]! હમા-જોરૂ[૯] હમા-ખોરેહ[૧૦] બાદ![૧૧]

હમા-જોરૂ[૧૨] વેશ-કેરફે[૧૩] બાદ[૧૪]! હમા-જોરૂ[૧૫] કમ-ગુનાહ[૧૬] બાદ[૧૭]!

(૨) હમા-જોરૂ[૧૮] બાદ[૧૯] જરથોશ્ત-દીન[૨૦] રાસ્તીહા[૨૧] ઓઅખ્તારૂ[૨૨] બાદ[૨૩]! દીને-માઝદયસ્નાન[૨૪] હકીકત[૨૫] દારોસ્ત[૨૬] બાદ[૨૭]!

(૩) હમા-જોરૂ[૨૮] બાદ[૨૯] દાદારૂ-અહુરમજદ[૩૦] રયોમંદ[૩૧] ખોરેહોમંદ[૩૨]! હમા-જોરૂ[૩૩] બાદ[૩૪] અમેશાસ્પંદાંન[૩૫]!

(૪) હમા-જોરૂ[૩૬] બાદ[૩૭] ખોરેહ[૩૮] દીને[૩૯] વેહ[૪૦] વ[૪૧] અવીજેહ[૪૨] માઝદયસ્નાંન[૪૩]!

(૫) હમા-જોરૂ[૪૪] બાદ[૪૫] આદરાંન[૪૬] આતશાંન,[૪૭] આદર-ગોશસ્પ,[૪૮] આદર-ખુરદાદ,[૪૯] આદર-બુરજીન-મેહેર,[૫૦] આતશ-બેરેઝોસવંધ્ધ,[૫૧] આતશ-વોહૂ-ફ્રયાંન,[૫૨] આતશ-ઉર્વાઝિશ્ત,[૫૩] આતશ-વાઝિશ્ત,[૫૪] આતશ-

(૧) હમ-શરીક[૧]* થાઓ![૨] તમામ-અશો[૪] (સાહેબોની સાથે) હમ-શરીક[૩] થાઓ[૫]! તમામ-નેકી[૭] (વાળા સાહેબો) સાથે હમ-શરીક[૬] થાઓ[૮]! તમામ-ખોરેહ[૧૦] (વાળા સાહેબો) સાથે હમ-શરીક[૯] થાઓ[૧૧]! ઘણા-સવાબ[૧૩] (વાળા સાહેબો) સાથે હમ-શરીક[૧૨] થાઓ[૧૪]! ઓછા-ગુનાહ[૧૬] (વાળા સાહેબો) સાથે હમ-શરીક[૧૫] થાઓ[૧૭]! (૨) જરથોશ્તી-દીન[૨૦] સાથે હમ-શરીક[૧૮] થાઓ,[૧૯] (અને) રાસ્તીની-મારફતે[૨૧] નાજી[૨૨] (યાને છુટકારો) પામો[૨૩]! માજદયસ્ની દીનની[૨૪] હકીકત[૨૫] (યાને જાણવા લાયક ખરેખરૂં જ્ઞાન) બરાબર-રીતે[૨૬] પામો![૨૭] (૩) નુરમંદ[૩૧] (અને) ખોરેહથી-ભરપુર[૩૨] દાદાર-હોરમજદ[૩૦] (સાથે) હમ-શરીક[૨૮] થાઓ[૨૯]! અમશાસ્પંદો[૩૫] (સાથે) હમ-શરીક[૩૩] થાઓ![૩૪] (૪) ભલી[૪૦] અને[૪૧] પાક[૪૨] માજદયસ્ની[૪૩] દીનનાં[૩૯] ખોરેહ[૩૮] (સાથે) હમ-શરીક[૩૬] થાઓ[૩૭]!

(૫) આદર-ગુશસ્પ[૪૮],† આદર-ખુરદાદ†,[૪૯] આદર-બુરજીન મહેર†[૫૦] (નામનાં ત્રણ) આદરો[૪૬] (સાથે), તથા ‡આતશ-બેરેજ-

---

* અવસ્તા શબ્દ "યજમઇદે" તથા તેના બીજાં રૂપોના અસલ અર્થે પાજંદ શબ્દ "હમા-જોર" વપરાયલો છે. અંગ્રેજીમાં "co-operate" અથવા "attune" યાને સાથે રહીને હમ-શરીકીથી એકજ વિચારથી યાદ કરવું.

† જુઓ આતશ ન્યાએશનો છેલ્લો "ગોરજે ખોરેહ અફ્જાયાદ" નો ફકરો.

‡ જુઓ યજશ્ને હા ૧૭ મો; ફ૦ ૧૧.

સ્પેનિશ્ત[55] વ[56] આતશ-નહરયો-સંઘ્નહ્[57]! (૬) હમા-જોર્[58] બાદ્[59] પંજ્[60] ગાહે[61] "ફ્રવરાને[62]" કે[63] અંદર્[64] શબાંન્[65]-રોજ્[66] કે[67] સેપારીહ્[68] હમા-કેર્ફેહ્[69] બેદ્[70] —શાંન્[71] હસ્ત[72] હાવન્-ગાહ્,[73] રપિથ્વિન્-ગાહ્,[74] ઉઝયેઇરીન્-ગાહ્,[75] અઇવિસ્રૂથ્રેમ-ગાહ્[76] વ[77] ઉશાહેન-ગાહ્[78]! (૭) હમા-જોર્[79] બાદ્[80] શશ[81] ગાહે[82] ગાહાં-મ્બાર્[83] અંદર્[84] સાલ્[85]—મઇદ્યોજરેમ-ગાહ્,[86] મઇદ્-યોશહેમ્-ગાહ્,[87] પઇતિશહેમ્-ગાહ્,[88] અયાથ્રેમ-ગાહ્,[89] મઇદ્યારેમ-ગાહ્[90] વ[91] હમસ્પથ્-મએદએમ્-ગાહ્[92]! (૮) હમા-જોર્[93] બાદ્[94] પંજ્[95] ગાહે[96] ગાસાંન્[97] કે[98] અંદર્[99] પંજ્-ઇ-મેહ્[100] અહુનવદ્-ગાહ્,[1] ઉશ્તવદ્-ગાહ્,[2] સ્પેંતોમદ્-ગાહ્,[3] વોહુક્ષથ્ર-ગાહ્,[4] વહિશ્તોઇશ્ત-ગાહ્![5]

(૯) હમા-જોર્[6] બાદ્[7] વેહાંને[8] હન્જમનાન્,[9] જરથુશ્ત્ર્યાંન્,[10] વેહ્-દીનાંન્[11] વ[12] પાક્-દીનાંને[13] હફ્ત-કેશ્વર્-જમીન્,[14] કુ[15] પ[16] દાદ્[17] વેહ્-દીન[18] પઓઇર્યો-દ્કએષી,[19] કુ[20] પ[21] અવીજેહ્[22] વેહ્-દીન[23] માઝ્દયસ્નાંન્[24] અસ્તોઆંન્[25] હેંદ્;[26] એશાંન્[27] અવા[28] એમાંન્,[29] એમાંન્[30] અવા[31] એશાંન્[32], હમા[33] હમ-કાર્[34] વ[35] હમ-કેર્ફે.[36] (૧૦) હમા-જોર્[37] બાદ્[38] હમ-યજશ્ને[39] વ[40] હમ-બહેર્[41] ન્યાએશ્ને[42] વ[43] હમ-યાર્[44] હોમ્[45]! (૧૧) હમા-જોર્[46] બાદ્[47] અર્દાફ્રવષ્[48] ફીરો-

સવંઘહ,[૫૧] *આતશ-વોહુ-ફ્રયાંન,[૫૨] *આતશ-ઉર્વાજિશ્ત[૫૩], *આતશ-વાઝીશ્ત,[૫૪] *આતશ-સ્પેનિશ્ત[૫૫] તથા[૫૬] *આતશ-નૈર્યોસંઘહ[૫૭] (નામના ૭) આતશો[૪૭] (સાથે) હમ-શરીક[૪૪] થાઓ![૪૫] (૬) રાત[૬૫]-દીવસ[૬૬] દરમ્યાન[૬૪] "†ફ્રવરાને[૬૨]" (માં ભણવાની) જે[૬૩] પાંચ[૬૦] ગેહ[૬૧]—તેઓ[૭૧] હાવન-ગેહ,[૭૩] રપીથ્વન-ગેહ,[૭૪] ઉજીરન-ગેહ,[૭૫] અઈવીસ્રુથ્રેમ ગેહ[૭૬] અને[૭૭] ઉશહેન-ગેહ[૭૮] છે[૭૨]—(અને) જેઓને[૬૭] હસ્તક[૬૮] તમામ-સવાબનાં કાર્યો[૬૯] રહેજો,[૭૦]—(તેઓની સાથે) હમ-શરીક[૫૮] થાઓ![૫૯] (૭) વરસની[૮૫] અંદર[૮૪] ના છ[૮૧] ગાહામ્બારના[૮૩] હીંગામો[૮૨] (જેવા કે) મઇદયોજરેમનો હીંગામ,[૮૬] મઇદયોશહેમનો હીંગામ,[૮૭] પઇતિશહેમનો હીંગામ,[૮૮] અયાથ્રેમનો હીંગામ,[૮૯] મઇદયારેમનો હીંગામ[૯૦] તથા[૯૧] હમસ્પથમએદેમના હીંગામ[૯૨] સાથે હમ-શરીક[૭૯] થાઓ![૮૦] (૮) "‡પંજ-ઈ-મેહ"[૧૦૦] ની અંદર[૯૯] જે[૯૮] પાંચ[૯૫] ગાથાના[૯૭] હીંગામો[૯૬]—(જેવા કે) અહુનવદનો હીંગામ,[૧]

---

* જુઓ યજશ્ને હા ૧૭ મો; ફ૦ ૧૧.

† "ફ્રવરાને" અવસ્તા શબ્દ છે, તેનેમાટે જુઓ "સરોશબાજ." એ શબ્દનો અર્થ "હું આગળ વધીને એતેકાદ ધરાઉં છું" એમ થાય છે.

‡ એટલે કે "પાંચ મોટા દીવસો." ફ્રવરદેગાંનના ૧૦ દીવસોમાંના પહેલા પાંચ "પંજ-ઇ-કેહ" યાને નાના પાંચ દીવસે-તરીકે ઓળખાય છે, જે આસ્તાદથી અનેરાન રોજ સુધી ગણાય છે, અને બીજા પાંચ દીવસો જે ગાથાના છે તે "પંજ-ઇ-મેહ" તરીકે ઓળખાય છે.

જગર[49] કે[50] રાદ્[51] યજશને[52] કર્દ-હોમ,[53] દરૂન[54] યશત-હોમ,[55] મ્યજદ્[56] હુમા-રાઇનમ[57] પ[58] અયોકર્દહ્યા,[59] પ[60] ગંજે[61] દાદાર-અહુરમજદ્[62] રયોમંદ્[63] ખોરેહોમંદ્[64] અવા[65] અમેશાસ્પંદાંન[66] બે-રસાદ્[67]!

